વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થી માટે અત્યંત ઉપયોગી સાપ્તાહિક

# વર્તમાન પ્રવાહો

**Part-1** **E-COPY**

**01/09/2022 to 10/09/2022**











રેમન મેગ્સેસ પુરસ્કાર 2022

બે વર્ષ બાદ ગુજરાતમાં અંબાજીનો મેળો યોજાયો.

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે 7 કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.

Rajasthan Handicraft Policy – 2022 જાહેર

પેજ નં. 07
મેઘાલય સરકાર દ્વારા 'Rural Backyard Piggery Scheme' શરૂ કરવામાં આવી.

પેજ નં. 11
ગુજરાત રાજ્ય શિક્ષણ મંત્રી જીતેન્દ્રભાઈ વાઘાણી ના હસ્તે 'સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર' એનાયત કરાયા.

પેજ નં. 20
કરચલા (Crab) ની નવી પ્રજાતિ મળી આવી.


GPSC-I/II | GPSC-III | નાયબ મામલતદાર
PSI-ASI | CONSTABLE | તલાટી | બિન સચિવાલય
BANK | SBI | IBPS | SSC | RAILWAY

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

# INDEX


| ક્રમ | મુદ્દાઓ | પાના નંબર |
|---|---|---|
| | **મહિનાના મુખ્ય મુદ્દાઓ :** | |
| 1 | Narcotic drugs and Pshychotropic substances (NDPS) Act – 1985 મુજબ ભાંગને પ્રતિબંધિત પેય પદાર્થ ગણી શકાય નહી. | 05 |
| 2 | ભારતના સિવિલ સર્વન્ટોને ડિજિટલી સશકત (સાક્ષર) બનાવવા માટે ભાગીદારી કરવામાં આવી. | 05 |
| 3 | રાષ્ટ્રવ્યાપી Foundational Learning Survey (FLS) હાથ ધરવામાં આવ્યો. | 06 |
| | **આંતરરાજ્ય** | |
| 4 | Rajasthan Handicraft Policy – 2022 જાહેર | 07 |
| 5 | મેઘાલય સરકાર દ્વારા 'Rural Backyard Piggery Scheme' શરૂ કરવામાં આવી. | 07 |
| 6 | દિલ્હી સરકાર દ્વારા મોડલ વર્ચ્યુઅલ સ્કૂલ (Delhi Model Virtual School) ની શરૂઆત કરવામાં આવી. | 08 |
| 7 | આસામમાં સૌથી વધારે રાજદ્રોહ (Sedition) કેસ નોંધાયો. | 08 |
| 8 | રાજસ્થાન સરકાર દ્વારા ઈન્દિરા ગાંધી શહેરી રોજગાર ગેરંટી યોજના શરૂ કરવામાં આવશે. | 08 |
| | **ગુજરાત** | |
| 9 | ગુજરાતના અમદાવાદ ખાતે છટ્ઠી 'All India Prison Duty Meet – 2022' (AIPDM) નું આયોજન થયું. | 10 |
| 10 | અમદાવાદ કાંકરિયા ટ્રાન્સસ્ટેડિયા ખાતે 11માં ખેલ મહાકુંભનું સમાપન સમારોહ અને 36મી નેશનલ ગેઈમ્સના એન્થમનું લોન્ચિંગ કરવામાં આવ્યું. | 10 |
| 11 | કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી અમિત શાહે અમદાવાદમાં ચાર અનુપમ (સ્માર્ટ) શાળાનું ઈ–લોકાર્પણ કરાવ્યું. | 10 |
| 12 | બે વર્ષ બાદ ગુજરાતમાં અંબાજીનો મેળો યોજાયો. | 11 |
| 13 | ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU) દ્વારા આગામી વર્ષની રાષ્ટ્રીય સ્તરે 'ટેક ગુરૂ'એવોર્ડ આપવામાં આવશે. | 11 |
| 14 | નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB) ના વર્ષ 2021 ના રિપોર્ટ મુજબ ગરીબીના કારણે આત્મહત્યા મામલે ગુજરાત દેશમાં ત્રીજા ક્રમે રહ્યુ. | 11 |
| 15 | ગુજરાત રાજય શિક્ષણ મંત્રી જીતેન્દ્રભાઈ વાઘાણી ના હસ્તે 'સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર' એનાયત કરાયા. | 11 |


| ક્રમ | મુદ્દાઓ | પાના નંબર |
|---|---|---|
| | **રિપોર્ટ અને ઈન્ડેક્સ** | |
| 16 | ભારતમાં ઈલેક્ટ્રોનિક ઉત્પાદન માટે Globalise to Localise – Exporting at Scale and deepening the Ecosystem are vital to Higher Domestic Value addition – 2022 રિપોર્ટ જાહેર | 12 |
| 17 | World Social Protection Report 2020-22 જાહેર | 12 |
| | **આંતરરાષ્ટ્રીય** | |
| 18 | International Monetry Fund (IMF) દ્વારા શ્રીલંકાને બેલ આઉટ પેકેજની મંજૂરી | 14 |
| 19 | LIZ Truss યુનાઈટેડ કિંગડમ (બ્રિટેન)ના નવા વડાપ્રધાન તરીકે ચૂંટાઈ આવ્યા. | 14 |
| 20 | ભારત અને બાંગ્લાદેશ વચ્ચે 7 કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. | 14 |
| 21 | યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના સાન ફ્રાન્સિસ્કોના ખાડી વિસ્તારમાં U.S. સ્ટાર્ટઅપ SETU લોન્ચ કરવામાં આવ્યો. | 15 |
| | **અર્થવ્યવસ્થા** | |
| 22 | Open Network for digital Commerce સાથે One Districts one Product નું એકકીરણ | 16 |
| 23 | ઉદ્યોગ સંગઠનો અને વેપારી સંસ્થાઓ માટે યુઝર ઈન્ટરેક્ટિવ ડેશબોર્ડ (User Interaltive dashboard) | 16 |
| 24 | ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની | 17 |
| | **યોજના, પોર્ટલ અને એપ્લીકેશન** | |
| 25 | 3 લાખથી વધુ મહિલાઓને પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના (PMKVY) હેઠળ તાલીમ આપવામાં આવી. | 18 |
| 26 | De Notified, Nomadic and Semi Nomadic Tribes (DNT's) ના આર્થિક સશકિતકરણ માટેની યોજના | 18 |
| 27 | e-Samadhan ઓનલાઈન પોર્ટલ લોન્ચ | 18 |
| | **પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી** | |
| 28 | સર્વાઈકલ કેન્સર સામે ભારતની પ્રથમ સ્વદેશી રીતે વિકસિત qHPV રસી લોન્ચ. | 20 |
| 29 | કરચલા (Crab) ની નવી પ્રજાતિ મળી આવી. | 20 |
| 30 | ડિજિટલ સ્કીલીંગ (Digital Skilling) પર AICTE અને Adobe વચ્ચે ભાગીદારી | 20 |
| 31 | NGT એ પશ્ચિમ બંગાળ રાજયને વેસ્ટ મેનેજમેન્ટની નિષ્ફળતા માટે દંડ ફટકાર્યો | 21 |
| 32 | ભારતનું પ્રથમ નાઈટ સ્કાય અભયારણ્ય લદ્દાખમાં સ્થાપવામાં આવશે. | 22 |
| 33 | ISRO એ ઈન્ફ્લેટેબલ એરોડાયનેમિક ડીસીલેરેટર (Inflatable Aerodynamic Decelerator) નું પરીક્ષણ કર્યું. | 22 |
| 34 | જૈવવિવિધતાના સંરક્ષણ પર ભારત અને નેપાળ વચ્ચે સમજૂતી. | 23 |
| 35 | ઓડિશામાં નુઆખાઈ કૃષિ ઉત્સવની શરૂઆત. | 23 |
| 36 | વોસ્ટોક લશ્કરી કવાયત–2022 (Vostok Military Exercise)નું આયોજન | 24 |
| 37 | કેબિનેટ કમિટિ ઓન સિકયોરિટીએ "તેજસ માર્ક – 2 " ( Tejas Mark- 2) પ્રોજેક્ટને મંજુરી આપી. | 24 |
| 38 | HAL અને L & T દ્વારા 5 PSLV રોકેટ બનાવવામાં આવશે. | 24 |

| ક્રમ | મુદ્દાઓ | પાના નંબર |
|---|---|---|
| | **રમત–જગત, નિમણૂક, વ્યક્તિ, પુસ્તક અને નિધન** | |
| 39 | પલ્લાથુરુથી બોટ કલબ (Pallathuruthy Boat Club) એ નેહરુ ટ્રોફી બોટ રેસની 68 મી આવૃત્તિ જીતી. | 27 |
| 40 | ટાટા ગ્રુપના પૂર્વ ચેરમેન સાયરસ મિસ્ત્રીનું નિધન. | 27 |
| 41 | જાણીતા અર્થશાસ્ત્રી અને આયોજન પંચના ભૂતપૂર્વ સભ્ય અભિજિત સેનનું નિધન. | 27 |
| 42 | ઈંગ્લેન્ડના રાણી એલિઝાબેથ દ્વિતીયનું અવસાન | 28 |
| 43 | પ્રસિદ્ધ ગાયક અને સંગીતકાર ભૂપેન હજારિકાનું નિધન. | 28 |
| 44 | ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનના પ્રમુખ તરીકે કલ્યાણ ચૌબેની નિમણૂક. | 28 |
| | **એવોર્ડ અને પુરસ્કાર** | |
| 45 | રેમન મેગ્સેસ પુરસ્કાર 2022 | 29 |
| 46 | ભારતીય સેનાના વડા જનરલ મનોજ પાંડેને નેપાળી સેનાના માનદ જનરલની પદવી એનાયત | 29 |
| | **મહત્વના દિવસો** | |
| 47 | 5 સપ્ટેમ્બર : આંતરરાષ્ટ્રીય દાન દિવસ (International Day of Charity) | 31 |
| 48 | 5 સપ્ટેમ્બર : રાષ્ટ્રીય શિક્ષક દિવસ (National Teachers Day) | 31 |
| 49 | 8 સપ્ટેમ્બર : "આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ" (The International Literacy Day) | 32 |
| | **Current Affairs Booster** | 34 |
| | **Facts.... Inshort** | 41 |

# 1 મહત્વના મુખ્ય મુદ્દાઓ

## Narcotic drugs and Pshychotropic substances (NDPS) Act – 1985 મુજબ ભાંગને પ્રતિબંધિત પેય પદાર્થ ગણી શકાય નહી.

- તાજેતરમાં કર્ણાટકના હાઈકોર્ટે જણાવ્યું કે Narcotic Drugs and Psychotropic Substances (NDPS) Act – 1985 મુજબ ભાંગને ક્યાંય પ્રતિબંધિત પીણું અથવા પ્રતિબંધિત ડ્રગ તરીકે ઓળખવામાં આવતું નથી.
- આ અગાઉ થાઈલેન્ડમાં મરિજુઆના (ગાંજા) ની ખેતીને કાયદેસર બનાવવામાં આવી હતી છતાં ત્યા ધુમ્રપાન હજુ પ્રતિબંધિત જ છે.
- સુપ્રિમ કોર્ટે આ અગાઉ 2 ચુકાદાઓ મધુકત V/S મહારાષ્ટ્ર રાજય 2002 અને અર્જુનસિંહ V/S હરિયાણા રાજય 2004 પર ચુકાદો આપ્યો હતો જેમા ભાંગને ગાંજાની જેમ NDPS કાયદા હેઠળ આવરી લેવામાં આવી નથી.




❖ **NDPS Act – 1985 ની જોગવાઈઓ :**

- આ અધિનિયમ ભાંગને એક માદક દ્રવ્ય(ઔષધિ) તરીકે વ્યાખ્યાયિત કરે છે.
- આ એકટ તેના કાર્યક્ષેત્ર હેઠળ આવતા છોડના ભાગોના આધારે ભાંગને એ માદક દ્રવ્ય (ઔષધિ) તરીકે વ્યાખ્યાયિત કરે છે.
- આ અધિનિયમમાં ગાજા ના બીજ અને પાંદડાનો સમાવેશ થતો નથી.
- આ અધિનિયમમાં છોડના પાંદડાથી બનેલા ભાંગનો ઉલ્લેખ નથી.

❖ **ભારતમાં NDPS Act હેઠળ ગુનાની સ્થિતિ :**

- Nation Crime record bureau (NCRB) ના રિપોર્ટ 2021 મુજબ પંજાબ (32.8%) ગુનાની યાદીમાં પ્રથમ ક્રમે છે.
- NCRB ના આકડાઓ મુજબ હિમાચલ પ્રદેશ (20.8%) બીજા ક્રમે છે ત્યાર બાદ અરુણાચલ પ્રદેશ (17.2%) અને કેરળ (16%) ક્રમશે ત્રીજા અને ચોથા ક્રમે છે.
- NCRB ના રિપોર્ટ મુજબ NDPS એકટ હેઠળ સૌથી ઓછો ગુનાનો દર દાદરા નગર હવેલી અને દમણ અને દીવમાં (0.5%) છે ત્યાર બાદ ગુજરાત (0.7% ના દરે) અને બિહાર (1.2% ના દરે) સૌથી ઓછો છે.

**NCRB- (National Crime Record Bureau) વિશે....**

**સ્થાપના :** 1986
**વડુમથક :** નવી દિલ્હી
**મંત્રાલય :** ગૃહ મંત્રાલય
**અધ્યક્ષ :** વિવેક ગોગિયા

**ભાંગ (Canabis) વિશે .....**

- ભાંગ એ ગાંજાના છોડના પાંદડામાંથી બનાવવામાં આવતુ ખાદ્ય પ્રદાર્થ છે જેને ઠંડુ પીણુ અથવા લસ્સી જેવા પયે પ્રદાર્થોમાં સામેલ કરવામાં આવે છે.
- ભાંગનું સેવન ઘણીવાર હોળી અને મહાશિવરાત્રીના ઉત્સવ દરમિયાન કરવામાં આવે છે.

## ભારતના સિવિલ સર્વન્ટોને ડિજિટલી સશકત (સાક્ષર) બનાવવા માટે ભાગીદારી કરવામાં આવી.



- તાજેતરમાં માઈક્રોસોફટ દ્વારા કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રાલય (MSDE) અને ક્ષમતા નિર્માણ આયોગ (Capacity building commission) સાથે ભવિષ્યમાં ભારતના નાગરિક કર્મચારીઓ (Civil Servants) ને સશકત બનાવવા માટે ભાગીદારી કરવામાં આવી છે.
- આ ભાગીદારીનો હેતુ ભારત સરકારના લગભગ 2.5 મિલિયન સિવિલ સેવકોની કાર્યાત્મક કમ્પ્યુટર સાક્ષરતા વધારવાનો છે.
- આ પ્રોજેકટ 'મિશન કર્મયોગી' સાથે સંબંધિત છે.
- આ પ્રોજેકટ સિવિલ સેવકોને સમાજના નબળા અને વંચિત વર્ગોને કાર્યક્ષમ અને અસરકારક નાગરિક કેન્દ્રિત સેવાઓ પ્રદાન કરવા માટે ડિજિટલી સશકત બનાવશે અને તેમને સામાજિક કલ્યાણ સેવાઓ સમાજના નબળા અને વંચિત વર્ગો માટે પહોંચાડવામાં સક્ષમ બનાવશે.

❖ **Digital Literacy વિશે..**

- ડિજિટલ સાક્ષરતા એ કૌશલ્યો (Skills) ની વિશાળ શ્રેણીનો સંદર્ભ આપે છે, જે સફળ થવા, અને ડિજિટલ વિશ્વમાં અનૂકૂલ બનવા માટે જરૂરી છે.
- ડિજિટલ સાક્ષરતા એ વિવિધ ડિજિટલ પ્લેટફોર્મ પર ટાઈપિંગ અને અન્ય માધ્યમો દ્વારા માહિતી શોધવા, મૂલ્યાંકન અને વાતચીત કરવાની વ્યકિતની ક્ષમતાનો સંદર્ભ આપે છે.
- પ્રિન્ટ માધ્યમોની ઓછી ઉપલબ્ધતા કારણે ઓનલાઈન મળેલી માહિતીને સમજવાની ક્ષમતા મહત્વપૂર્ણ બની જાય છે.
- જે લોકો અને વિદ્યાર્થીઓમાં ડિજિટલ સાક્ષરતાનો અભાવ હોય છે તેમને ઓછા સમયમાં ઓનલાઈન ઉપલબ્ધ માહિતીને ઉપયોગ કરવામાં મુશ્કેલી પડે છે.

### Mission Karmayogi વિશે....

**શરૂઆત :** 2 સપ્ટેમ્બર 2020
**મંત્રાલય :** માનવ સંસાધન અને વિકાસ મંત્રાલય
**હેતુ :** સિવિલ સેવકોને સર્જનાત્મક, વિચારશીલ, ગતિશીલ, પ્રગતિશીલ, મહેનતુ, પારદર્શક અને ટેકનોલોજી સક્ષમ બનાવીને ભવિષ્ય માટે તૈયાર કરવાનો છે.

## રાષ્ટ્રવ્યાપી Foundational Learning Survey (FLS) હાથ ધરવામાં

- તાજેતરમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય એ National Council of educational Research and Training (NCERT) દ્વારા સંયુકત રીતે રાષ્ટ્રવ્યાપી (Nation wide) ફાઉન્ડેશન લર્નિંગ સર્વે (FLS) હાથ ધરવામાં આવ્યો છે.
- આ સર્વે સમ્રગ દેશની 10,000 શાળાઓમાં ત્રીજા ધોરણના 86000 બાળકોમાં કરવામાં આવ્યો છે, જેમાં દિલ્હીના SIS શાળાઓમાંથી 2945 વિદ્યાર્થીઓ છે.
- આ સર્વે અનુસાર દિલ્હીના 50% થી વધુ ધોરણ–3 ના બાળકો મર્યાદિત અથવા બેઝિક જ્ઞાન અને કુશળતાનો અભાવ ધરાવે છે.
- આ સર્વે મુજબ બાળકોના પરફોર્મેન્સના આધારે તેઓને ચાર કેટેગરીમાં મૂકવામાં આવ્યા છે.

(I) જેમની પાસે સૌથી બેઝિક જ્ઞાન અને કુશળતાનો અભાવ છે.
- ભારતમાં 11% વિદ્યાર્થીઓ પાસે સૌથી બેઝિક જ્ઞાન અને કુશળતાનો અભાવ છે.
- જ્યારે દિલ્હીમાં 12% વિદ્યાર્થીઓ પાસે સૌથી બેઝિક જ્ઞાન અને કુશળતાનો અભાવ છે.
- તમિલનાડુમાં 29%, જમ્મુ કાશ્મીરમાં 28% તથા આસામ, ગુજરાત અને છત્તીસગઢમાં 18% વિદ્યાર્થીઓ પાસે બેઝિક જ્ઞાન અને કુશળતાનો અભાવ છે.

(II) જેમની પાસે મર્યાદિત જ્ઞાન અને કૌશલ્ય છે.
- ભારતમાં 37% વિદ્યાર્થીઓ પાસે મર્યાદિત જ્ઞાન અને કૌશલ્ય છે.
- જ્યારે દિલ્હીમાં 40% વિદ્યાર્થીઓ પાસે મર્યાદિત જ્ઞાન અને કૌશલ્ય છે.

(III જેમણે પૂરતું જ્ઞાન અને કૌશલ્ય છે.
- ભારતમાં 42% વિદ્યાર્થીઓ પાસે પૂરતું જ્ઞાન અને કૌશલ્ય છે.
- દિલ્હીમાં 41% વિદ્યાર્થીઓ પાસે પૂરતું જ્ઞાન અને કૌશલ્ય છે.

(IV) જેમણે શ્રેષ્ઠજ્ઞાન વિકસાવ્યું છે.
- ભારતમાં 10% વિદ્યાર્થીઓ પાસે શ્રેષ્ઠજ્ઞાન અને કૌશલ્ય છે.
- દિલ્હીમાં 7% વિદ્યાર્થીઓ પાસે શ્રેષ્ઠજ્ઞાન અને કૌશલ્ય છે.



❖ **Foundational Learning Survey (FLS) વિશે...**

- FLS ની શરૂઆત માર્ચ, 2022માં NCERT દ્વારા કરવામાં આવી છે.
- Foundation learning Survey ના તારણે દરેક વ્યકિતગત સહંભાગીઓ સાથેના ઈન્ટરવ્યુ પર આધારિત હોય છે.
- Foundation learning Survey (FLS) નો ઉદ્દેશ 22 ભારતીય ભાષાઓમાં સમજ સાથે વાંચન માટે લેવલ સેટ કરવાનો છે.

### National Council of education Research and Training (NCERT) વિશે....

**રચના :** વર્ષ 1961 (ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા)
**વડુમથક :** નવી દિલ્હી
**પ્રકાર :** સ્વાયત્ત સંસ્થા (Autonomos body)
**ઉદ્દેશ :** શાળા શિક્ષણમાં ગુણાત્મક સુધારણા માટેની નીતિઓ અને કાર્યક્રમો અંગે કેન્દ્ર અને રાજય સરકારને મદદ અને સલાહ આપવી.

# 2 આંતરરાજ્ય

## Rajasthan Handicraft Policy – 2022 જાહેર

- તાજેતરમાં રાજસ્થાનના કેબિનેટ દ્વારા 'રાજસ્થાન હસ્તકલા નીતિ – 2022' ને મંજૂરી આપવામાં આવી છે.
- આ નીતિ દ્વારા રાજયમાં હસ્તકલાના કારીગરોની ઉન્નતિ માટે કામ કરવામાં આવશે અને તેમને સશકિતકરણ કરીને રાજયના વિકાસમાં ભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવશે.
- આ નીતિ (Rajasthan Handicraft Policy – 2022) દ્વારા રાજસ્થાનમાં નવી તકો વધશે તથા લુપ્ત થતી હસ્તકલાને પુનઃજીવિત કરવામાં આવશે.
- આ નીતિ અંર્તગત દર વર્ષે ડિસેમ્બરમાં રાષ્ટ્રીય સ્તરના હસ્તકલા સપ્તાહનું આયોજન કરવામાં આવશે, જેમાં હસ્તકલાના કારીગરોને પુરસ્કાર આપવામાં આવશે. તથા આ સમય ઈ– માર્કેટિંગ, સામાજિક સુરક્ષા, લોનની સુવિધા, શિષ્યવૃત્તિ, મેળાઓમાં ભાગ લેવા માટે સહાયતા, શિલ્પગ્રામમાં માળખાકીય સુવિધાઓનું વિસ્તરણ, હેન્ડીક્રાફટ પાર્ક, મ્યુઝિમય, ડિઝાઈન સેન્ટ અને હસ્તકલાના બ્રાન્ડ નિર્માણ માટે વેચાણ કેન્દ્ર જેવા કેટલાક મહત્વપૂર્ણ કાર્ય કરવામાં આવશે.
- આ નીતિ અંર્તગત હસ્તકલાના કારીગરોને તેમના ઉત્પાદને વેચવામાં મદદ કરવા માટે રાજસ્થાન સરકાર એક ઓનલાઈન પ્લેટફોર્મ પણ બનાવશે.
- આ નીતિ હેઠળ સરકારી વિભાગો દ્વારા રજિસ્ટર્ડ કારીગરો પાસેથી રૂા. 10 લાખ સુધીની પ્રોડકટ્સ ઈ–માર્કેટ દ્વારા ટેન્ડર વિના ખરીદવામાં આવશે.



- આ નીતિ લાગુ કરનાર રાજસ્થાન સમગ્ર દેશમાં ત્રીજુ રાજય બન્યું છે. આ પહેલા આસામ અને ઓડિશા સરકારે પણ આ નીતિ લાગુ કરેલી છે.
- આ નીતિ અંર્તગત અન્ય રાજયો અને દેશોમાં ઉપયોગમાં લેવાતી તકનીકો અને ડિઝાઈનનો અભ્યાસ કરવા માટે જોધપુરમાં એક હેન્ડીક્રાફટ ડિઝાઈન સેન્ટર પણ સ્થાપવામાં આવશે. જેથી રાજયમાં ઉત્પાદનો માટે નવી તકનીકો અથવા પ્રક્રિયાઓને પ્રોત્સાહન મળશે અને આ કેન્દ્રની 'સેન્ટર ઓફ એકસલન્સ' તરીકે સ્થાપિત કરવામાં આવશે.

## મેઘાલય સરકાર દ્વારા 'Rural Backyard Piggery Scheme' શરૂ કરવામાં આવી.

- તાજેતરમાં મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ કે. સંગમા દ્વારા મેઘાલયના RI-Bhol (રિ–ભોઈ) જિલ્લા બિરનિહાર ખાતે રાષ્ટ્રીય પશુધન મિશન (National Livestock Mission) હેઠળ ખેડુતો માટે મહત્વાકાંક્ષી મુખ્ય કાર્યક્રમ 'Rural Backyard Piggery Scheme' શરૂ કરવામાં આવ્યું છે.
- આ યોજનાનો ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો છે કે ખેડૂતો વિવિધ પશુપાલન પ્રવૃતિઓ દ્વારા ટકાઉ આજીવિકા કમાઈ શકે.
- મેઘાલય વિવિધ રાજયોમાંથી 18,000 મેટ્રિક ટન ડુક્કરનું માસ મેળવે છે. અને આ ડુક્કરના માંસના પુરવઠા અને માંગમાં તીવ્ર અછત છે જેથી મેઘાલય સરકાર ડુક્કર ઉછેર યોજના દ્વારા આ અછતને દુર કરવા માટે આયોજન કર્યુ છે.
- આ યોજનાના પ્રથમ તબક્કા હેઠળ મેઘાલય સરકાર દ્વારા રૂા. 15.18 કરોડ ફાળવવામાં આવ્યા છે, જે અંર્તગત 6,000 પરિવારોને ચાર ઉચ્ચ ઉપજ આપતી સુધારેલી જાતોનું ડુક્કર વિતરણ કરવામાં આવશે. તથા આ કાર્યક્રમનો બીજો તબક્કો શરૂ કરવા માટે વધારાના રૂા. 25 કરોડ ફાળવવામાં આવશે.
- આ યોજના હેઠળ ખેડૂતોને નિયમિત આવક મળી રહે તે માટે ડુક્કર સંવર્ધનને પ્રોત્સાહન આપવા માટે ખેડુતોને 3 માદા અને 1 નર ડુક્કરનું વિતરણ કરવામાં આવશે.
- આ યોજના હેઠળ પશુધન પેકેજ રૂા. 25,000 પ્રત્યેક લાભાર્થીને આપવામાં આવશે.




**Nation Livestock Mission વિશે....**

**શરૂઆત :** વર્ષ 2014-15
**મંત્રાલય :** કેન્દ્રીય કૃષિ અને ખેડુત કલ્યાણ મંત્રાલય
**હેતુ :** પશુધન ઉત્પાદન પ્રણાલીમાં માત્રાત્મક અને ગુણાત્મક સુધારણ અને પશુધન અર્થતંત્રમાં તમામ હિસ્સેદારોની ક્ષમતા નિર્માણની ખાતરી કરવાનો છે.

## દિલ્હી સરકાર દ્વારા મોડલ વર્ચ્યુઅલ સ્કૂલ (Delhi Model Virtual School) ની શરૂઆત કરવામાં આવી.

- તાજેતરમાં દિલ્હી સરકાર દ્વારા રાજધાની ક્ષેત્ર અને તેનાથી આગળના ક્ષેત્રોના વિદ્યાર્થીઓને તકો પૂરી પાડવા માટે 'દિલ્હી મોડલ વર્ચ્યુઅલ સ્કૂલ'ની શરૂઆત કરવામાં આવી છે.
- Delhi Model Virtual School (DMVS) એક ઓનલાઈન પ્લેટફોર્મ છે, જે સંપૂર્ણ રીતે ઓનલાઈન વર્ગોનું સંચાલન કરશે.
- આ સ્કૂલ વિદ્યાથીઓને શાળાની મુલાકાત લીધા વગર તેમનો અભ્યાસ પૂર્ણ કરવામાં મદદ કરશે.



- આ સ્કૂલમાં વિશિષ્ટ શિક્ષકો રહેશે, જેમને ઓનલાઈન વર્ગો લેવા માટે તાલીમ આપવામાં આવશે અને તેનો ઉદ્દેશ એવા વિદ્યાર્થીઓની સંખ્યા વધારવાનો છે કે જેઓ કોઈ પણ કારણથી શાળામાં જતા નથી.
- આ સ્કૂલ મુજબ કોઈ પણ વિદ્યાર્થી કે જેણે રજિસ્ટર્ડ શાળામાંથી ઓછામાં ઓછા ધોરણ 8 સુધી અભ્યાસ કર્યો હોય અને તે 13 થી 18 વર્ષની વય જૂથમાં હોય તેવા વિદ્યાર્થીઓ આ વર્ચ્યુઅલ શાળામાં ધોરણ 9 માં પ્રવેશ માટે અરજી કરી શકે છે.
- આ સ્કૂલ વર્ચ્યુઅલ લેક્ચર્સ, રેકોર્ડેડ લેક્ચર્સ, લાઈવ લેક્ચર્સ અને કૌશલ્ય (Skills) આધારિત અભ્યાસક્રમો તેમજ JEE Main, NEET અને CUET સહિતની અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તાલીમ સહિત ઓનલાઈન વર્ગોની સુવિધા મળશે.
- આ સ્કૂલમાં ઓફલાઈન વર્ગોનો કોઈપણ વિકલ્પ રહેશે નહી, તે સંપૂર્ણ રીતે વર્ચ્યુઅલ રહેશે.
- આ સ્કૂલની મોટી વિશેષતા એ છે કે જો તમે કોઈ દિવસ કલાસ ચૂકી ગયા હોય તો તમે રેકોર્ડેડ કલાસ પણ જોઈ શકશો.
- આ સ્કૂલની શરૂઆત શેરીઓમાં ભીખ માંગતા બાળકો, દૂર ગામળાના બાળકો, સામાજિક રીતે વંચિત બાળકોને શિક્ષણ આપવાના ઉદ્દેશથી કરવામાં આવી છે.
- આ સ્કૂલ તમામ તેવા વિદ્યાર્થીઓને તકો પૂરી પાડશે, જેઓ શિક્ષણ મેળવી શકતા નથી.

## આસામમાં સૌથી વધારે રાજદ્રોહ (Sedition) કેસ નોંધાયો.

- તાજેતરમાં National Crime record Bureau (NCRB)ના રિપોર્ટ અનુસાર છેલ્લા 8 વર્ષમાં આસામમાં સૌથી વધુ રાજદ્રોહ (Sedition) કેસ નોંધાયો છે. જે પૈકી કુલ 475 કેસો પૈકી 14.52% એટલે 69 કેસો આસામના છે.
- NCRB ના રિપોર્ટ મુજબ આસામ પછી હરિયાણામાં સૌથી વધુ કેસ (42 કેસો) ત્યાર બાદ ઝારખંડમાં 40, કર્ણાટકમાં 38, આંધ્રપ્રદેશમાં 32 અને કાશમીરમાં 29 કેસો નોંધાયા છે.
- NCRB ના રિપોર્ટ અનુસાર ભારતમાં વર્ષ 2014 થી 2021 સુધી 475 કેસ નોંધાયા છે. જે વર્ષ 2019 માં 93, વર્ષ 2018 માં 70, વર્ષ 2017 માં 51, વર્ષ 2016 માં 35, વર્ષ 2015 માં 30 અને વર્ષ 2014 માં 47 નોંધાયેલ છે.
- NCRB રિપોર્ટ મુજબ વર્ષ 2021 માં સમ્રગ દેશમાં 76 રાજદ્રોહના કેસ નોંધાયા છે, જે વર્ષ 2020 માં નોધાયેલા 73 કેસ કરતા નજીવો વધારો છે.
- આ રાજદ્રોહના કેસો India Penal Code (IPC) ની કલમ 124 (A) હેઠળ ગુનો નોંધવામાં આવે છે.

### Indian Penal Code (IPC) વિશે....

- આ કાયદો મૂળરૂપે વર્ષ 1837 માં બ્રિટિશ ઈતિહાસકાર અને રાજકરણી થોમસ મેકવેલી (Thomas Macaulay) દ્વારા ઘડવામાં આવ્યો હતો.
- વર્ષ 1860માં Indian Penal Code (ભારતીય દંડ સંહિતા) લાગુ કરવામાં આવ્યો હતો.

## રાજસ્થાન સરકાર દ્વારા ઈન્દિરા ગાંધી શહેરી રોજગાર ગેરંટી યોજના શરૂ કરવામાં આવશે.




- તાજેતરમાં રાજસ્થાન સરકારે કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવતી મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના (MGNREGA)ની જગ્યાએ ઈન્દિરા ગાંધી શહેરી રોજગાર ગેરંટી યોજના (IGUEGS) ની શરૂઆત કરશે.
- આ યોજના રાજસ્થાનમાં 9 સપ્ટેમ્બર 2022 થી શરૂ કરવામાં આવશે. આ યોજના માટે નાણાકીય વર્ષ 2022 – 23 માં 800 કરોડ રૂપિયાની જોગવાઈ રાજસ્થાનના બજેટમાં કરવામાં આવી છે.
- આ યોજના MGNREA ની જેમ રાજસ્થાન શહેરી વિસ્તારોમાં રહેતા પરિવારોને 100 દિવસની રોજગારી પૂરી પાડશે.
- આ યોજના હેઠળ 2.2 લાખથી વધુ પરિવારોની નોંધણી કરવામાં આવી છે, જે કોવિડ – 19 મહામારીથી પ્રભાવિત લોકો સહિત ગરીબ અને જરૂરિયાત મંદ લોકોને રોજગાર પ્રદાન કરશે.
- આ યોજના હેઠળ જોબ કાર્ડ આપવામાં આવશે, જેમાં પરિવારના સભ્યો જેમની ઉંમર 18 થી 60 વર્ષની છે તે લોકો આ યોજના હેઠળ કામ મેળવવા માટે પાત્ર બનશે.
- આ યોજનાના અસરકારક અમલીકરણ માટે રાજય સરકારે વિવિધ સ્તરે સમિતિઓની રચના કરી છે.
- આ યોજના પર્યાવરણ અને જળસંરક્ષણ, આરોગ્ય અને સ્વચ્છતા, સરકારી મિલકતની બગાડ અટકાવવા, સેવા સંબંધિત કામો, કનવર્જન્સ વર્ક અને હેરિટેજ સંરક્ષણના ક્ષેત્રોમાં રોજગાર પ્રદાન કરશે.

- આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા લોકો વૃક્ષારોપણ, તળાવની સફાઈ, કચરો એકત્ર કરવા અને રખડતા પ્રાણીઓને પકડવા માટે કાર્ય કરશે.
- આ યોજના હેઠળ આવરી લેવામાં આવતી સામગ્રીની કિંમત અને સામાન્ય કાર્ય માટે મજૂરીની ચૂકવણી ક્રમશઃ 25:75 ના ગુણોત્તરમાં કરવામાં આવશે. અને આ ચૂકવણી ટેકનિકલ સ્કિલ્સ ધરાવતી ચોક્કસ નોકરીઓ માટે અલગ રહેશે.
- આ યોજનાના અમલીકરણ માટે રાજ્ય સરકારનો સ્થાનિક સંસ્થાઓના વિભાગ જવાબદાર રહેશે.

**Rajasthan (રાજસ્થાન) વિશે....**

**મુખ્યમંત્રી** : અશોક ગેહલોત
**ગર્વનર** : કલરાજ મિશ્રા
**રાજધાની** : જયપુર

- ક્ષેત્રફળની દ્રષ્ટિએ ભારતનો સૌથી મોટુ રાજય છે, જેનો વિસ્તાર 3,42,239 કિલોમીટર છે.
- રાજસ્થાનએ ગુજરાત, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, પંજાબ અને હરિયાણાની

**Mahatma Gandhi Nationa Rural Employment Guarantee Act (MGNREA) વિશે....**

**શરૂઆત** : વર્ષ 2006 (ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ દ્વારા શરૂઆત)
**મંત્રાલય** : Ministry of rural development (ગિરિરાજ સિંહ)
**ક્ષેત્ર** : ગ્રામીણ રોજગાર
**હેતુ** : દરેક ગ્રામીણ પરિવારોને નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા 100 દિવસની બાંહેધરી યુકત વેતન રોજગાર પ્રદાન કરવાનો છે.

- National Rural Employment Guarantee Act (NREA) નું નામ વર્ષ 2009 માં બદલીને Mahatma Gandhi National Rural Employment Act (MGNREGA) રાખવામાં આવ્યું હતું.



# 3 ગુજરાત

## ગુજરાતના અમદાવાદ ખાતે છઠ્ઠી 'All India Prison Duty Meet – 2022' (AIPDM) નું આયોજન થયું.

- કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતશાહે 'ઓલ ઈન્ડિયા પ્રિઝન ડયુટી મીટનો ટ્રાન્સસ્ટેડિયા, અમદાવાદ ખાતેથી પ્રારંભ કરાવ્યો હતો.
- આ અખિલ ભારતીય જેલ ડયુટી મીટ નું આયોજન 'Bureau of Police Research & Development (BPRD)' દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ કાર્યક્રમમાં 19 રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોના જેલ – અધિકારીઓએ ભાગ લીધો હતો.
- નોંધનીય છે કે આ કાર્યક્રમનું આયોજન વર્ષ – 2007 માં ગુજરાતના અમદાવાદ ખાતે યોજાયું હતું. આમ ગુજરાતમાં આ કાર્યક્રમનું આયોજન બીજી વખત થયું છે.




## અમદાવાદ કાંકરિયા ટ્રાન્સસ્ટેડિયા ખાતે 11માં ખેલ મહાકુંભનું સમાપન સમારોહ અને 36મી નેશનલ ગેઈમ્સના એન્થમનું લોન્ચિંગ કરવામાં આવ્યું.

- આ 11માં ખેલ મહાકુંભનું સમાપન અને નેશનલ ગેઈમ્સના એન્થમનું લોન્ચિંગ અમિતભાઈ શાહ દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુર (રમતગમત) અને ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં કર્યુ હતું.
  - **ખેલ મહાકુંભ**
    - ખેલ મહાકુંભની શરૂઆત ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2010 માં કરી હતી.
    - વર્ષ 2022 માં 11મો ખેલ મહાકુંભનું આયોજન થયું હતું.

## કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી અમિત શાહે અમદાવાદમાં ચાર અનુપમ (સ્માર્ટ) શાળાનું ઈ–લોકાર્પણ કરાવ્યું.

- અમદાવાદના નવા વાડજ ખાતેથી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન અને અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા કુલ 9.54 કરોડના ખર્ચે તૈયાર કરાયેલ 4 અનુપમ (સ્માર્ટ) શાળઓનું ઈ–લોકાર્પણ અમિતશાહ અને ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે કરાયું.



## બે વર્ષ બાદ ગુજરાતમાં અંબાજીનો મેળો યોજાયો.



- બનાસકાંઠા જીલ્લાના દાંતા તાલુકામાં આવેલ શકિતપીઠ અંબાજી ખાતે મહામેળો યોજાયો હતો. જે કોરોના મહામારીના કારણે બે વર્ષ બાદ યોજાયો હતો.
  - **અંબાજીનો મેળો**
    - આ મેળો બનાસકાંઠા જીલ્લાના દાંતા તાલુકામાં આવેલ અંબાજી ખાતે યોજાય છે.
    - આ મેળો ભાદરવી પુનમના દિવસે ભરાય છે.
    - આ મેળાનું આયોજના અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે.
    - અંબાજી મંદિર 51 શકિતપીઠ પૈકીનું એક છે.
    - આ મંદિરમાં મૂર્તિ નહીં પરંતુ માતાજીના વિસા યંત્રની પૂજા કરવામાં આવે છે.

## ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU) દ્વારા આગામી વર્ષની રાષ્ટ્રીય સ્તરે 'ટેક ગુરૂ'એવોર્ડ આપવામાં આવશે.

- GTU ના કુલપતિ દ્વારા જાહેરાત કરવામાં આવી કે આગામી વર્ષની AICTE સંલગ્ન દેશની તમામ ટેકનિકલ કોલેજોમાંથી અરજીઓ મંગાવશે અને રાષ્ટ્રીય સ્તરે ટેક ગુરૂ એવોર્ડ અપાશે.
- GTU દ્વારા દર વર્ષે શિક્ષકદિને વિવિધ માપદંડોને આધારે પસંદગી પામેલા એક અધ્યાપકને ટેકગુરૂને એવોર્ડ આપવામાં આવે છે.
- જે આ વર્ષે BVM એન્જિનિયરિંગ કોલેજના અધ્યાપક જગદિશ ઠાકુરને આપવામાં આવ્યો.
- આગામી વર્ષની આ એવોર્ડ રાષ્ટ્રીય સ્તર આપવામાં આવશે.

## નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB) ના વર્ષ 2021 ના રિપોર્ટ મુજબ ગરીબીના કારણે આત્મહત્યા મામલે ગુજરાત દેશમાં ત્રીજા ક્રમે રહ્યુ.

- તાજેતરના નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB) ના વર્ષ 2021 ના રિપોર્ટ મુજબ ગરીબીના કારણે ગુજરાતમાં વર્ષ દરમ્યાન કુલ 175 વ્યકિતએ આત્મહત્યા કરી હતી.
- જેથી ગરીબીના કારણે આત્મહત્યા મામલે ગુજરાત દેશમાં ત્રીજા ક્રમે છે.
- આ રિપોર્ટમાં મહારાષ્ટ્ર પ્રથમ ક્રમાકે છે. જયાં કુલ 469 લોકોએ આત્મહત્યા કરી હતી. તેમજ કર્ણાટક બીજા ક્રમાંકે રહયું જયાં કુલ 258 વ્યકિતઓએ આત્મહત્યા કરી છે.
- ગરીબીના કારણે દેશમાં વર્ષ 2021 માં કુલ 1779 વ્યકિતએ આત્મહત્યા કરી છે.
- નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના અગાઉના રિપોર્ટ મુજબ બેરોજગારીના કારણે આત્મહત્યા મામલે ગુજરાત દેશમાં પાંચમાં ક્રમે છે.

**National Crime Record Bureau (NCRB) વિશે...**


**સ્થાપના :** વર્ષ 1986
**વડુમથક :** નવી દિલ્હી
**મંત્રાલય :** ગૃહ મંત્રાલય
**અધ્યક્ષ :** વિવેક ગોગિયા

## ગુજરાત રાજય શિક્ષણ મંત્રી જીતેન્દ્રભાઈ વાઘાણી ના હસ્તે 'સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર' એનાયત કરાયા.

- અમદાવાદમાં સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર વર્ષ 2021 -22 અંતર્ગત શિક્ષણમંત્રી જિતેન્દ્રભાઈ વાઘાણી અને રાજય શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડિંડોરના હસ્તે 'સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો.
- રાજયભરમાંથી કુલ 51,835 શાળાઓએ સ્વચ્છ વિદ્યાલય ઝુંબેશમાં ભાગ દીધો હતો. જેમાં નામાંકિત 460 શાળાઓમાંથી 26 શ્રેષ્ઠ શાળાઓ પૈકી 20 શાળાઓને ઓવર ઓલ કેટેગરી અને 6 શાળાઓને સબ–કેટેગરી અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી માટેનો પુરસ્કાર આપવામાં આવ્યાં.
- સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર 2021 -22 અંતર્ગત વડોદરા જિલ્લાને રાજયકક્ષાએ બેસ્ટ પરફોર્મિંગ ડિસ્ટ્રીકનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.
  - **સ્વચ્છ વિદ્યાયલ પુરસ્કાર**
    - કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2014 થી 'સ્વચ્છ ભારત, સ્વચ્છ વિદ્યાલય' અભિયાન ની શરૂઆત કરી હતી.
    - જેના ભાગરૂપે વર્ષ 2016 થી ગુજરાત સરકાર દ્વારા સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર આપવામાં આવે છે.
    - આ એવોર્ડ રાજયના શિક્ષણ મંત્રાલય દ્વારા આપવામાં આવે છે.

# 4 રિપોર્ટ અને ઈન્ડેકસ

## ભારતમાં ઈલેકટ્રોનિક ઉત્પાદન માટે Globalise to Localise – Exporting at Scale and deepening the Ecosystem are vital to Higher Domestic Value addition – 2022 રિપોર્ટ જાહેર




- તાજેતરમાં ભારત સરકારના ઈલેકટ્રોનિકસ અને આઈટી મંત્રાલય દ્વારા ગ્લોબલાઈઝડ ટુ લોકલાઈઝડ – એકસપોર્ટિંગ એટ સ્કેલ એન્ડ ડિપિનીંગ ધ ઈકોસિસ્ટમ આર વાયટલ ટુ હાયર ડોમેસ્ટિક વેલ્યુ એડિશન નામનો એક રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે.
- આ રિપોર્ટ Indian Council for research on International Economic Relation (ICRIER) ના સહયોગથી India Cellular and Electronic Association (ICEA) દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.
- આ રિપોર્ટ ભારત સરકાર વર્ષ 2026 સુધીમાં USD 300 બિલિયનના ઈલેકટ્રોનિક ઉત્પાદનનો લક્ષ્ય અને USD 120 નિકાસ કેવી રીતે હાંસલ કરી શકે છે તે જણાવવામાં આવ્યું છે.
- આ રિપોર્ટ મુજબ વર્ષ 2021-22 માં ભારતની ઈલેકટ્રોનિકસ નિકાસ USD 16 બિલિયનને વટાવી ગઈ છે.
- આ રિપોર્ટ મુજબ ઈલેકટ્રોનિક ક્ષેત્ર આ વર્ષે ભારતનું છઠ્ઠું સૌથી મોટુ નિકાસ ક્ષેત્ર બન્યું છે.
- આ રિપોર્ટ અનુસાર ભારતમાંથી ઈલેકટ્રોનિકસ નિકાસનો સૌથી મોટો ઘટક મોબાઈલ ફોન છે જેથી આવતા વર્ષે કુલ ઈલેકટ્રોનિક્સ નિકાસમાં તેનું યોગદાન લગભગ 50% સુધી પહોંચી જશે.

**ICRIER (Indian Councial for research on Internation Economic Relation) વિશે..**

- ICRIER એ એક સ્વાયત્ત આર્થિક નીતિ છે જે વર્ષ 1981 થી કાર્યરત છે.
- ICRIER નો ઉદ્દેશ ભારતીય નીતિ નિર્માતાઓને તેના વ્યાપક વિશ્લેષણાત્મક સંશોધન, ઉદ્દેશ્ય નીતિ સલાહ અને વ્યાપક નેટવર્કિંગ પ્રોગ્રામ દ્વારા જાણકાર નિર્ણયો લેવા માટે સક્ષમ બનાવવાનો છે.

**ICEA (India Cellular and Electronic Association વિશે..**

- ICEA વર્ષ 2002થી કાર્યરત છે.
- ICEA એ મોબાઈલ અને ઈલેકટ્રોનિક ઉદ્યોગની ટોચની સંસ્થા છે જેમાં ઉત્પાદકોનો સમાવેશ થાય છે.
- ICEA માં બ્રાન્ડના માલિકો, ટેકનોલોજી પ્રદાતાઓ, VAS એપ્લિકેશનો અને સોલ્યુશન પ્રદાતાઓ અને મોબાઈલ હેન્ડસેટનો સમાવેશ થાય છે.

## World Social Protection Report 2020-22 જાહેર




- તાજેતરમાં આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (International Labour Organization) દ્વારા 'World Social Protection Report 2021-22 : Regional Companion Report for Aisa and the pacific ' બહાર પાડવામાં આવ્યો છે.
- આ રિપોર્ટ દર બે વર્ષે બહાર પાડવામાં આવે છે.
- આ રિપોર્ટ મુજબ બાંગ્લાદેશમાં 28.4% લોકો સામાજિક સુરક્ષા હેઠળ છે જ્યારે ભારતમાં માત્ર 24.4% લોકો સામાજિક સુરક્ષા હેઠળ છે.
- આ રિપોર્ટ અનુસાર મંગોલિયા, ન્યુઝીલેન્ડ, સિંગાપોર અને ઓસ્ટ્રેલિયામાં 100% સામાજિક સુરક્ષા છે જ્યારે મ્યાનમાર અને કંબોડિયામાં સામાજિક સુરક્ષા હેઠળ લોકોની સંખ્યા 10% થી પણ ઓછા છે.
- આ રિપોર્ટ અનુસાર એશિયા પેસિફિક ક્ષેત્રમાં દરેક 4 માંથી 3 કામદારો કાર્યસ્થળે કાર્ય દરમિયાન બીમારી અથવા ઈજાના કિસ્સામાં સુરક્ષિત નથી.
- આ રિપોર્ટ મુજબ નીચા માથાદીઠ GDP (Gross Domestic Product) દર ધરાવતા દ `શોમાં કાર્યસ્થળે કાર્ય દરમિયાન બીમારી અથવા ઈજા કવરેજનું પ્રમાણ નીચું હોય છે. ઉદા. : અફઘાનિસ્તાન, ભારત, નેપાળ અને પાકિસ્તાન.
- આ રિપોર્ટ અનુસાર વર્ષ 2020 માં વૈશ્વિક વસતીના ફકત 46.9% લોકોને સામાજિક સુરક્ષા લાભો હેઠળ આવરી લેવામાં આવ્યો છે જયારે બાકીના 53% (4.1 બિલિયન) સંપૂર્ણપણે સામાજિક સુરક્ષાના એક પણ લાભ મેળવી શકયા નથી.
- આ રિપોર્ટ મુજબ વિશ્વની 69.4% લોકો માત્ર આંશિક રીતે સુરક્ષિત છે.
- આ રિપોર્ટ મુજબ સામાજિક સુરક્ષાનો કવરેજ પુરુષો કરતા મહિલાઓનું કવરેજ 8% ઓછું છે.
- આ રિપોર્ટ મુજબ ભારતના સામાજિક સુરક્ષા લાભો માથાદીઠ GDP ના 5% (USD2277) કરતા ઓછા છે.

## International Labour Organisation (ILO) વિશે....

**સ્થાપના** : વર્ષ 1919 (League of Nations સંલગ્ન એજન્સી તરીકે વર્સેલ્સની સંધિ દ્વારા સ્થાપના)
**સભ્ય દેશો :** 187 દેશો
**વડુમથક** : જીનિવા, સ્વિટ્ઝલેન્ડ

- ILO સંયુક્ત રાષ્ટ્ર (United Nations) ની એકમાત્ર દ્વીપક્ષીય એજન્સી છે.
- ILO વર્ષ 1946 માં UN ની પ્રથમ સંલગ્ન એજન્સી બની.
- વર્ષ 1969 ILO ને નોબેલ શાંતિ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.
- ILO એ Social dialogue report, world employment and social outlook: Trends, world social protection report અને global wage report પણ બહાર પાડે છે.



# 5 આંતરરાષ્ટ્રીય

## International Monetry Fund (IMF) દ્વારા શ્રીલંકાને બેલ આઉટ પેકેજની મંજૂરી




- તાજેતરમાં આંતરરાષ્ટ્રીય નાણાંકીય ભંડોળ (International Monetry Fund) ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા શ્રીલંકાને 4 વર્ષનો સમયગાળા માટે USD 2.9 બિલિયનના બેલ આઉટ પેકેજ પર પ્રારંભિક કરારને મજૂરી આપવામાં આવી છે.
- આ કરારનો ઉદ્દેશ આર્થિક સ્થિરતા અને ક્રેડિટ સ્થિરતા કટોકટી ગ્રસ્ત દક્ષિણ એશિયાઈ રાષ્ટ્રો માટે પુનઃસ્થાપિત કરવાનો છે.
- શ્રીલંકાની અર્થવ્યવસ્થા વર્ષ 2022 માં 8.7 ટકા ઓછો થવાની ધારણા છે અને ફુગાવો 60% ને વટાવી ગયો છે.

❖ **Bail Out Package વિશે...**

- બેલ આઉટ પેકેજ એ સભંવિત નાદારીના જોખમોનો સામનો કરી રહેલી કંપની અથવા દેશને નાણાકીય સહાય આપવામા આવે છે.
- બેલ આઉટ લોન, રોકડ, બોન્ડ અથવા સ્ટોકના સ્વરૂપમાં હોય છે.
- IMF દ્વારા આપવામાં આવેલ બેલ આઉટ પેકેજ આગામી 4 વર્ષમાં શ્રીલંકાને હપ્તામાં ચૂકવવાનું છે જે ભારત દ્વારા શ્રીલંકાને આપવામાં આવેલ 4 મહિનાના બેલ આઉટ પેકેજ કરતા ઓછું છે.

### International Monetary Fund (IMF) વિશે....

**સ્થાપના** : 27 ડિસેમ્બર, 1946
**વડુમથક** : વોશિંગ્ટન ડિ.સી.
**મેનેજિંગ ડિરેક્ટર** : ક્રિસ્ટાલિના જ્યોર્જિએવા
**ચીફ ઈકોનોમિસ્ટ** : પિયર – ઓલિવિયર ગૌંરીયા
**પ્રથમ ડેપ્યૂટી મેનેજિંગ ડિરેક્ટર** : ગીતા ગોપીનાથ
**સભ્ય દેશ** : 190
**મુખ્ય કાર્ય** : વૈશ્વિક નાણાકીય સહકારને પ્રોત્સાહન આપવા, નાણાકીય સ્થિરતા સુરક્ષિત કરવા, આંતરરાષ્ટ્રીય વેપારને સરળ બનાવવા, ઉચ્ચ રોજગાર અને ટકાઉ આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવા અને સમગ્ર વિશ્વમાં ગરીબી ઘટાડવા માટે કામ કરે છે.

## LIZ Truss યુનાઈટેડ કિંગડમ (બ્રિટેન)ના નવા વડાપ્રધાન તરીકે ચૂંટાઈ આવ્યા.

- તાજેતરમાં યુનાઈટેડ કિંગડમ (United Kingdom) વિદેશ મંત્રી Liz Truss બ્રિટેનના નવા વડાપ્રધાન તરીકે ચૂંટાયા છે જે Governing Conservative Party ના નેતા છે.
- LIZ Truss એ તેના પ્રતિસ્પર્ધી ઋષિ સુનક (યુકેના ભૂતપૂર્વ નાણાંમંત્રી) ને 20927 (81326 – 60399) મતોથી હરાવ્યા.
- Liz Truss યુનાઈટેડ કિંગડમના 56 મા વડા પ્રધાન બન્યા છે. તથા દેશનું નેતૃત્વ કરનાર ત્રીજા મહિલા વડાપ્રધાન છે. અગાઉના મહિલા વડા પ્રધાનો Margaret thatcher અને Theresa May પણ Governing Conservative Party ના નેતા હતા.

### United Kingdom (UK) વિશે....

**રાજધાની** : લંડન (London)
**ચલણ** : પાઉન્ડ સ્ટર્લિંગ (Pound Sterlinq)
**સંસદનું નામ** : The ace of westmininster
**મધ્યસ્થ બેંક** : બેંક ઓફ ઈંગ્લેન્ડ (Bank of England)


❖ **LIZ Truss વિશે..**

- LIZ Truss નું પૂરું નામ મેરી એલિઝાબેથ ટ્રસ (Marry Elizabeth Truss) છે. અને તેમનો જન્મ 26 જુલાઈ 1975 ના રોજ ઓક્સફોર્ડ (ઈંગ્લેન્ડ) માં થયો હતો.
- તેમણે વર્ષ 1996 માં ઓક્સફર્ડની મર્ટન કોલેજમાંથી ફિલોસોફી પોલિટિક્સ અને ઈકોનોમિક્સનો અભ્યાસ કર્યો.
- LIZ Truss એ ગ્રેજ્યુએશન પછી વર્ષ 1996 માં Conservative Party માં જોડાયા હતા. ત્યાર બાદ 4 મે 2006 ના રોજ તેઓ કાઉન્સિલર તરીકે પ્રથમ ચૂંટણી જીત્યા.

## ભારત અને બાંગ્લાદેશ વચ્ચે 7 કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.

- તાજેતરમાં બાંગ્લાદેશના વડા પ્રધાન શેખ હશીનાએ ભારતની મુલાકાત દરમિયાન ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મંત્રણા કરી હતી.
- આ બંને દેશોના વડાપ્રધાનની વાતચીત વચ્ચે નદીના પાણીની વહેંચણીથી લઈને અવકાશ સુધીના ક્ષેત્રોમાં સહકાર માટે 7 કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. તથા નવી કનેક્ટિવિટી અને ઉર્જા પહેલનું અનાવરણ કરવામાં આવ્યું છે.

- આ મિટિંગમાં બંને પક્ષોએ 7 સમજૂતી કરાર (Memorandum of understanding) પર હસ્તાક્ષર કર્યા છે જે નીચે મુજબ છે.
  - (I) ક્રોસ બોર્ડર કુશિયારા નદીમાંથી પાણીનો વપરાશ
  - (II) અવકાશ ટેકનોલોજી અને સંશોધન સહયોગ
  - (III) ભારતની વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ (CSIR) અને બાંગ્લાદેશ કાઉન્સિલ ઓફ સાયન્ટિફીક રિસર્ચ (BCSIR) વચ્ચે વૈજ્ઞાનિક સહયોગ
  - (IV) વિજ્ઞાન અને ટેકનોલોજી સહયોગ
  - (V) ભારતમાં બાંગ્લાદેશ રેલવે કર્મચારીઓ અને બાંગ્લાદેશી ન્યાયિક અધિકારોને તાલીમ
  - (VI) બાંગ્લાદેશ રેલવેને IT ઉકેલો આપવા માટે સહયોગ
  - (VII) પ્રસાર ભારતી અને બાંગ્લાદેશી ટેલિવિઝન વચ્ચે પ્રસારણમાં સહકાર



- આ મિટિંગમાં બંને દેશના નેતાઓએ બાંગ્લાદેશના ખુલના ડિવિઝનમાં ભારત તરફથી રાહતદરના ભંડોળથી બાંધવામાં આવી રહેલા 'મૈત્રી સુપર થર્મલ પાવર પ્રોજેકટ'ના પ્રથમ યુનિટનું અનાવરણ કરવામાં આવ્યું છે. આ પ્રોજેકટ ઓગસ્ટ 2022માં બાંગ્લાદેશના પાવર ગ્રીડ પ્રોજેકટ સાથે શરૂ કરવામાં આવ્યો હતો અને આ પ્રોજેકટ જયારે પૂર્ણ થશે ત્યારે તે 1320 Megawatt (MW) પાવર જનરેટ કરશે.
- આ મિટિંગ દરમિયાન બંને નેતાઓએ 5.13 કિ.મી. રૂપ્શા રેલ બ્રિજ(બાંગ્લાદેશ)નું પણ ઉદ્દઘાટન કર્યુ, જે 64.7 કિ.મી.વાળા ખુલનાથી મોંગલા પોર્ટ બ્રોડગેજ રેલવે પ્રોજેકટનો મુખ્ય ભાગ છે.
- આ મિટિંગ દરમિયાન ભારત સરકાર દ્વારા બાંગ્લાદેશમાં કનેકિટવિટીની પહેલો માટે 9.5 બિલિયન ડોલરનું ભંડોળ આપવામાં આવ્યુ.
- આ મિટિંગમાં ભારતના વડા પ્રધાને જાહેરાત કરી હતી કે બંને પક્ષો ટૂંક સમયમાં વેપારને વેગ આપવા માટે Comprehensive Economic Partnership Agreement (CEPA) પર ચર્ચા શરૂ કરશે.

### Comprehensive Economic Partnership Agreement (CEPA) વિશે....

- આ એક પ્રકારનો મુકત વેપાર કરાર (Free Trade Agreement) છે.
- આ કરાર મુકત વેપાર કરતા વધુ વ્યાપક છે.
- CEPA વેપારના નિયમકારી પાસાને પણ જુએ છે અને નિયમનકારી મુદ્દાઓને આવરી લેતા કરારનો સમાવેશ કરે છે.

## યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના સાન ફ્રાન્સિસ્કોના ખાડી વિસ્તારમાં U.S. સ્ટાર્ટઅપ SETU લોન્ચ કરવામાં આવ્યો.




- તાજેતરમાં કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના સાન ફ્રાસ્સિકોના ખાડી વિસ્તારમાં U.S. સ્ટાર્ટઅપ SETU (Supporting Enterpreneurs in Transformation and upskiling) પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે.
- આ પ્રોગ્રામ ભારતમાં સ્ટાર્ટઅપને U.S. સ્થિત રોકાણકારો અને સ્ટાર્ટ અપ ઈકો સિસ્ટમ લીડર્સ સાથે ફંડિંગ માર્કેટ એકસેસ અને વ્યાપારીકરણ સહિત વિવિધ ક્ષેત્રોમાં માર્ગદર્શન અને સહાય આવશે.
- SETU એ U.S. સ્થિત માર્ગદર્શકો વચ્ચેના ભૌગોલિક અવરોધોને દૂર કરવા માટે રચાયેલ છે.

**❖ Supporting Entrepreneurs in Transformation and upskilling (SETU) વિશે...**

- આ પ્રોગ્રામ ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળની પહેલ છે.

# 6 અર્થવ્યવસ્થા

## Open Network for digital Commerce સાથે One Districts one Product નું એકકીરણ

- તાજેતરમાં કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ, ખાદ્ય અને જાહેર વિતરણ અને કાપડ મંત્રી પીયૂષ ગોયલ દ્વારા ડિજિટલ કોમર્સના ઓપન નેટવર્ક (ONDC) સાથે વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ (OPOP) નું એકીકરણ કરવામાં આવ્યું છે.
- ONDC (લેટફોર્મએ ખરીદદારો અને વિક્રેતાઓને પ્લેટફોર્મ પર લાવીને ODOP ના વધુ વિસ્તરણમાં મદદ કરશે.




### One District One Product વિશે....

**શરૂઆત :** જાન્યુઆરી 2018 (ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા શરૂઆત)
**સ્થાપના :** ડિસેમ્બર 2021
**ઉદ્યોગ :** ઈ – કોમર્સ
**મંત્રાલય :** કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય (પીયૂષ ગોયલ)

- ODOP ની સફળતાને કારણે પાછળથી કેન્દ્ર સરકાર દ્વારા અપનાવવામાં આવ્યું હતું.
- જિલ્લાઓને તેમની સમ્પૂર્ણ ક્ષમતા સુધી પહોચવા, આર્થિક અને સામાજિક તથા સાંસ્કૃતિ વિકાસને પ્રોત્સાહન આપવા અને ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની તકો ઉભી કરવામાં મદદ કરવા માટે વર્ષ 2018 માં પછીથી ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતુ.
- ODOP એ કેન્દ્ર સરકાર અને રાજય સરકાર દ્વારા 60:40 યોગદાનમાં વહેંચવામાં આવતી કેન્દ્રીય પ્રયોજિત (Sponsered) યોજના છે.
- ODOP નો ઉદ્દેશ ભારતના તમામ જિલ્લાઓમાં સંતુલિત પ્રાદેશિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે ભારતના માનનીય વડાપ્રધાનના વિઝનને પ્રગટ કરવાનો છે.

## ઉદ્યોગ સંગઠનો અને વેપારી સંસ્થાઓ માટે યુઝર ઈન્ટરેકિટવ ડેશબોર્ડ (User Interaltive dashboard)

- તાજેતરમાં Department for Promotion of Industry and Internal trade (DPIIT) દ્વારા ઉદ્યોગ સંગઠનો અને વેપારી સંસ્થાઓ માટે યુઝર ઈન્ટરએકિટવ ડેશબોર્ડ (User Inter active dashboard) વિકસાવવામાં આવ્યું છે.
- આ ડેશબોર્ડ અધિકૃત ઉદ્યોગ સંગઠનો અને વેપારી સંસ્થાઓને તેમના સૂચનો અને મુદ્દાઓ સરકાર સાથે રજીસ્ટર કરવા માટે સુવિધા આપશે, જેથી સરકારના વિવિધ વિભાગોને લગતી તેમની સમસ્યાઓનો ઉકેલ થઈ શકશે.
- આ ડેશબોર્ડ નિયમિત પણે આવતી સમસ્યાઓને ઓળખવામાં મદદ કરશે.
- આ ડેશબોર્ડ દેશમાં લોજિસ્ટિકસ કાર્યક્ષમતામાં ટેકનોલોજી, સેવાઓ અને માનવ સંસાધન સંબંધિત પાસઓને સંબોધવા માટે વિકસાવવામાં આવ્યું છે.
- આ ડેશબોર્ડ દેશના તમામ અધિકૃત સંગઠનો માટે ટૂક સમયમાં શરૂ કરવામાં આવશે.



## Department for Promotion of Industry and Internal Trade (DPIIT) વિશે....

**સ્થાપના :** વર્ષ 1995
**વડુમથક :** ઉદ્યોગ ભવન, નવી દિલ્હી
**મંત્રાલય :** વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય (પિયૂષ ગોયલ)

- DPIIT ઔદ્યોગિક ક્ષેત્રના વિકાસ માટે પ્રમોશનલ અને વિકાસલક્ષી પગલા ઘડવા અને અમલમાં મૂકવા માટે જવાબદાર હોય છે.

## ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની




- તાજેતરમાં ભારતે U.K. (United Kingdom)ને પાછળ છોડીને પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની છે. જેથી U.K. છઠ્ઠા ક્રમે આવી ગયું છે.
- અર્થવ્યવસ્થાના વિશે ભારત વર્તમાનમાં અમેરિકા, ચીન, જાપાન અને જર્મનીથી પાછળ છે.
- એક દાયકા પહેલા ભારતની અર્થવ્યવસ્થા વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં 11 મા ક્રમે હતી, જયારે યુનાઈટેડ કિંગડમની અર્થવ્યવસ્થા નિશ્ચિતપણે 5 માં ક્રમે હતી.
- એક રિપોર્ટ અનુસાર 'નોમિનલ' રોકડના સંદર્ભમાં ભારતીય અર્થતંત્રનું કદ માર્ચ કવાર્ટર દરમિયાન USD 854.7 બિલિયન હતું. તેનાથી વિપરિત U.K.ના અર્થતંત્રનું કદ USD 814 બિલિયન હતુ.
- ભારતીય અર્થતંત્ર 7 ટકાની વૃદ્ધિ દર્શાવી રહ્યુ છે જયારે યુનાઈટેડ કિંગડમની અર્થવ્યવસ્થા 1 ટકા થી પણ ઓછા દરે વૃદ્ધિ દર્શાવી રહ્યુ છે.

# 7 યોજના,પોર્ટલ અને એપ્લીકેશન

## 3 લાખથી વધુ મહિલાઓને પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના (PMKVY) હેઠળ તાલીમ આપવામાં આવી.

- તાજેતરમાં કેન્દ્રિય શિક્ષણ મંત્રી ડો. ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા લોકસભામાં માહિતી આપવામાં આવી છે કે વર્ષ 2021 થી 22 દરમિયાન પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના (Pradhan Mantri Kaushal Vikas Yojna) હેઠળ 3 લાખથી વધુ મહિલાઓને તાલીમ આપવામાં આવી છે.
  - **Pradhan Mantri Kaushal Vikash Yojna વિશે..**
  - ભારત સરકાર દ્વારા વર્ષ 2015 માં સ્કીલ ઈન્ડિયા મિશનની શરૂઆત કરવામાં આવી હતી, જેના અંર્તગત મુખ્યત્વે પ્રધાન મંત્રી કૌશલ્ય વિકાસ યોજના (PMKVY) ચલાવવામાં આવે છે.
  - PMKVY નો ઉદ્દેશ વર્ષ 2022 સુધીમાં ભારતમાં 400 મિલિયનથી વધુ લોકોને વિવિધ કૌશલ્યોમાં તાલીમ આપવાનો, સમાજમાં સારી આજીવિકા અને સન્માન માટે ભારતીય યુવાનોને વ્યવસાયિક તાલીમ અને પ્રમાણ પત્ર આપવાનો છે.
  - આ યોજનાને કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રાલય (MSDE) ના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ નિગમ (NSDC) દ્વારા લાગુ કરવામાં આવ્યું છે.

## De Notified, Nomadic and Semi Nomadic Tribes (DNT's) ના આર્થિક સશક્તિકરણ માટેની યોજના

- તાજેતરમાં કેન્દ્રિય સામાજિક ન્યાય અને અધિકારતા મંત્રાલયના જણાવ્યા મુજબ Scheme for Economic Empowerment of Denotified, Nomadic and Semi Nomadic Tribes (SEED) હેઠળ લાભ મેળવવા માટે ફક્ત 402 ઓનલાઈન અરજીઓ પ્રાપ્ત થઈ છે.
- સરકારના તાજેતરના ડેટા મુજબ 1400 સમુદાયોના 10 કરોડથી વધુ ભારતીયો આ જૂથના છે.
  - **DNT (Denotified, Nomadic & Semi Nomadic) વિશે...**
  - DNT આ એવા સમુદાયો છે, જે સૌથી વધુ સંવેદનશીલ અને તમામ સરકારી યોજનાઓથી વંચિત હોય છે.
  - DNT ને બ્રિટિશ શાસન દરમિયાન વર્ષ 1871 ના ક્રિમિનલ ટાઈપ એકટથી શરૂ થતા કાયદાઓની શ્રેણી હેઠળ 'Born Criminal' તરીકે સૂચિત કરવામાં આવ્યા હતા.
  - DNT અનુસૂચિત જાતિ (SC), અનુસચિત જનજાતિ (ST) અને અન્ય પછાત વર્ગો (OBC) ની શ્રેણીમાં સમાવેશ થાય છે.
  - ભારતમાં લગભગ 10% વસતી DNT સમુદાયોની છે.




### Scheme for Economic Empowerment of Denotified, Nomadic and Semi Nomadic Tribes (SEED) વિશે....

- સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા ફેબ્રુઆરી 2022 માં અધિસૂચિત (Denotified) અથવા વિચારતી (Nomadic) અથવા અર્ધ વિચરતી (Semi-Nomadic) સમુદાયોના આર્થિક સશક્તિકરણ માટે આ યોજનાની શરૂઆત કરવામાં આવી છે.
- SEED યોજનો ઉદ્દેશ વિચરતી અથવા અર્ધ વિચરતી વિદ્યાર્થીઓને મફત સ્પર્ધાત્મક પરીક્ષા માટે કોચિંગ આપવા, પરિવારોને આરોગ્ય પૂરું પાડવા અને આવાસ માટે નાણાકીય સહાય પૂરી પાડવાનો છે.

## e-Samadhan ઓનલાઈન પોર્ટલ લોન્ચ

- તાજેતરમાં University Grants Commission (UGC) દ્વારા 'e-Samadhan' નામનું ઓનલાઈન પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે.
- આ પોર્ટલ દ્વારા કોઈપણ યુનિવર્સિટીમાં એડમિશન લેનાર વિદ્યાર્થીઓને એડમિશન પહેલા અથવા એડમિશન બાદ કોઈ પણ પ્રકારની સમસ્યાઓનું ઉકેલ મેળવી શકશે.
- આ પોર્ટલ દ્વારા વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ વર્તમાનથી દેશભરમાં કેન્દ્રીય અને રાજયની યુનિવર્સિટીઓ તેમની સંલગ્ન કોલેજ અને અન્ય સરકારી તથા ખાનગી ક્ષેત્રની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં કોઈ પણ સમસ્યાઓની જાણ UGC ને કરી શકશે.
- આ પોર્ટલ દ્વારા ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રના તમામ હિતધારકોનો ફાયદો થશે જેમાં 1043 યુનિવર્સિટીઓ, 42343 કોલેજો, 3.85 કરોડ વિદ્યાર્થીઓ અને 15.03 લાખ શિક્ષકોને સમાવેશ થાય છે.
- આ પોર્ટલ દ્વાર વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ 24 કલાકની અંદર ગમે ત્યારે તેમની કોઈ પણ ફરિયાદ નોંધાવી શકશે. આ સિવાય UGC ટોલ ફ્રી નંબર 1800-111 -656 પર તમારી સમસ્યાઓની નોંધણી કરવાનો વિકલ્પ પણ રહેશે.

**University Grant Commission (UGC) વિશે....**

- UGC એ યુનિવર્સિટી ગ્રાન્ડ કમિશન એક્ટ – 1956 દ્વારા સ્થાપિત એ વૈધાનિક સંસ્થા છે.
- તે ઉચ્ચ શિક્ષણના ધોરણોનું સંકલન, નિર્ધારણ અને જાળવણી કરવા માટે શિક્ષણ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.
- UGC દ્વારા ભારતમાં યુનિવર્સિટીઓને માન્યતા આપવામાં આવે છે અને માન્ય યુનિવર્સિટીઓ અને કોલેજોને ભંડોળ પૂરું પાડે છે.
- UGC નું મુખ્ય મથક નવી દિલ્હીમાં છે અને અન્ય 6 પ્રાદેશિક કેન્દ્રો ભોપાલ, પુણે, કોલકાતા, ગુવાહાટી, હૈદરાબાદ અને બેંગ્લોરમાં છે.



# 8 પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

## સર્વાઈકલ કેન્સર સામે ભારતની પ્રથમ સ્વદેશી રીતે વિકસિત qHPV રસી લોન્ચ.

- તાજેતરમાં 'સીરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા' અને 'ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી' (DBT) એ સર્વાઈકલ કેન્સરને અટકાવવા માટે સ્વદેશી રીતે વિકસિત કવોડ્રીવેલન્ટ હ્યુમન પેપિલોમા વાયરસ (qHPV) રસી લોન્ચ કરી છે.
- ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI) એ સર્વાઈકલ કેન્સર સામે સ્વદેશી રીતે વિકસિત આ રસીના ઉત્પાદન માટે સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા ને બજાર અધિકૃતતા આપી છે.
- qHPV રસી કેન્સરને રોકવા માટે ભારતની પ્રથમ રસી છે. આ રસી લોન્ચ કર્યા પછી કેન્દ્ર સરકાર ટુંક સમયમાં 9 થી 14 વર્ષની વય જૂથની છોકરીઓ માટે રાષ્ટ્રીય રસીકરણ કાર્યક્રમ ચલાવશે.
- સર્વાઈકલ કેન્સરના 85 ટકાથી 90 ટકા કેસોમાં એવું જોવામાં આવ્યું છે કે રસીની ગેરહાજરીમાં કેન્સર વધતું હતું. પરંતુ હવે એવું નહી થાય. કારણકે આપણે આ રસી નાની ઉંમરની દીકરીઓને અગાઉથી આપી દેવાશે જેથી તેઓ આ રોગથી સુરક્ષિત રહેશે અને તેમને 30 વર્ષ પછી સર્વાઈકલ કેન્સર નહી થાય.




**સર્વાઈકલ કેન્સર :**

- કેન્સર એક એવો રોગ છે જેમાં શરીરના કોષો નિયંત્રણ બહાર વધે છે.
- સ્ત્રીના શરીરમાં સર્વિકસમાં કેન્સર શરૂ થાય છે, ત્યારે તેને સર્વાઈકલ કેન્સર કહેવામાં આવે છે.
- સર્વિકસ (Servics) યોનિને ગર્ભાશયના ઉપરના ભાગ સાથે જોડે છે.

### National Cancer Control Programme વિશે....

- રાષ્ટ્રીય કેન્સર નિયંત્રણ કાર્યક્રમ ભારતમાં સૌપ્રથમ 1975 માં શરૂ થયો હતો.
- આ કાર્યક્રમ હેઠળ, કેન્સર હોસ્પિટલ અને સંસ્થાઓને કેન્સર કિટથી સજ્જ કરવા માટે પ્રાથમિકતાઓ આપવામાં આવી હતી.
- રેડિયોથેરાપી માટે કોબાલ્ટ મશીન ખરીદવા માટે દરેક કેન્સર સંસ્થાને રૂા.2.50 લાખની કેન્દ્રીય સહાય પૂરી પાડવામાં આવી હતી.

## કરચલા (Crab) ની નવી પ્રજાતિ મળી આવી.




- તાજેતરમાં ભારતના પ્રખ્યાત વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર ગોપાલ કૃષ્ણ હેગડેને એક તાજા પાણીના કરચલા (crab)ની નવી પ્રજાતિ "ઘાટિયાના દ્વિવર્ણા" (Ghatiana Dwivarna) મળી આવી છે.
- કરચલોની આ નવી પ્રજાતિ કર્ણાટક રાજયના પશ્ચિમ ઘાટના ગાઢ જંગલોમાં નાના ખડકોની નીચે રહે છે.
- કરચલાની આ નવી પ્રજાતિનું નામ સંસ્કૃત શબ્દ "દ્વિવર્ણા" (Dwivarna)પરથી રાખવામાં આવ્યું છે. જેનો અર્થ થાય છે બે રંગીન.
- આ તેજસ્વી રંગનો કરચલો પશ્ચિમ ઘાટનો 75 મી તાજા પાણીનો કરચલો છે.

## ડિજિટલ સ્કીલીંગ (Digital Skilling) પર AICTE અને Adobe વચ્ચે ભાગીદારી

- તાજેતરમાં ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજયુકેશન (AICTE) એ સમગ્ર દેશમાં ડિજિટલ સર્જનાતમકતા કૌશલ્યોને વેગ આપવા માટે Adobe સાથે કરાર કર્યા છે.
- આ કરાર હેઠળ, Adobe વિદ્યાર્થીઓમાં ડિજિટલ સ્કીલ તૈયાર કરવા માટે જરૂરી સર્જનાત્મક અને ડિજિટલ સાક્ષરતા કૌશલ્યો સાથે અભ્યાસક્રમ અને કુશળતા પ્રદાન કરશે અને શિક્ષકોને અભ્યાસક્રમમાં ડિજિટલ સર્જનાત્મકતાને એકીકૃત કરવા તાલીમ આપશે.
- આ ભાગીદારીનો હેતુ વર્ષ 2024 સુધીમાં 10,000 ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં 75,000 શિક્ષકોને જરૂરી ડિજિટલ સર્જનાત્મકતા કૌશલ્ય સાથે સશકત કરવાનો છે.
- AICTE અને Adobe ની ડિજિટલ સ્કીલની ભાગીદારી દેશમાં એક મજબૂત કૌશલ્ય ઈકોસિસ્ટમનું નિર્માણ કરશે અને નવા યુગના કૌશલ્ય ધરાવતા શિક્ષકો અને વિદ્યાર્થીઓ દેશના વિકાસમાં મહત્વનો ભાગ ભજવશે.



## All India Council For Technical Education (AICTE) વિશે....

**સ્થાપના** : નવેમ્બર 1945
**વડુમથક** : નવી દિલ્હી
**અધ્યક્ષ** : અનિલ સહસ્ત્રબુધે

- AICTE એક વૈધાનિક સંસ્થા તેમજ રાષ્ટ્રીય સ્તરની તકનીકી શિક્ષણ પરિષદ છે જે ઉચ્ચ શિક્ષણ વિભાગ હેઠળ આવે છે.
- આ સંસ્થાની સ્થાપના 1945 માં પ્રથમ સલાહકાર સંસ્થા તરીકે કરવામાં આવી હતી અને 1987 માં તેને વૈધાનિક દરજ્જો આપવામાં આવ્યો હતો.

## Adobe વિશે....

**સ્થાપના** : ડિસેમ્બર 1982
**વડુમથક** : કેલિફોર્નિયા, અમેરિકા
**અધ્યક્ષ** : શાંતનુ નારાયણ

- Adobe મૂળરૂપે Adobe Systems Incorporated તરીકે ઓળખાતી એક અમેરિકન મલ્ટીનેશનલ કોમ્પ્યૂટર સોફ્ટવેર કંપની છે.

## NGT એ પશ્ચિમ બંગાળ રાજયને વેસ્ટ મેનેજમેન્ટની નિષ્ફળતા માટે દંડ ફટકાર્યો

- તાજેતરમાં નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT- National Green Tribunal) એ ઘન અને પ્રવાહી કચરાનું સંચાલન કરવામાં નિષ્ફળ રહેવા બદલ પશ્ચિમ બંગાળ રાજયને રૂ.3500 કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.
- નાણાકીય વર્ષ 2022-23 ના બજેટમાં પશ્ચિમ બંગાળ સરકારે શહેરી વિકાસ અને નગરપાલિકાઓ સંબંધિત બાબતો (કચરા નિકાલ સંબંધિત) પર 12818 કરોડ રૂપિયા ખર્ચ કરવાની જોગવાઈ કરી હતી, પરંતુ રાજય સરકારે આ દિશામાં કોઈ ખાસ કામ કર્યુ નથી.
- NGT અનુસાર, પશ્ચિમ બંગાળના શહેરી વિસ્તારોમાં દરરોજ 2758 MLD (Minimal Liquid Discharge) ગટર પાણીનું નિર્માણ થાય છે, જેમાંથી રાજયના કુલ 44 સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા માત્ર 1268 MLD ગંદા પાણી ને ટ્રીટ (નિકાલ) કરવામાં આવે છે અને 1490 MLD ગંદા પાણીનું ટ્રીટમેન્ટ બાકી રહે છે.
- આ કારણસર, NGT એ પશ્ચિમ બંગાળ પર દંડ ફટકાર્યો છે અને જણાવ્યું હતુ કે પશ્ચિમ બંગાળ સરકારે આ 3500 કરોડનો દંડ બે મહિનામાં જમા કરાવવો પડશે.




## National Green Tribunal (NGT) વિશે....

**સ્થાપના** : 18 ઓક્ટોબર, 2010 (નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ 2010 અંતર્ગત)
**વડુમથક** : નવી દિલ્હી
**અધ્યક્ષ** : આદર્શ કુમાર ગોયલ

- NGT સંસ્થાની સ્થાપના જંગલોના સરંક્ષણ, પર્યાવરણીય સરંક્ષણ અને અન્ય કુદરતી સંસાધનોના સરંક્ષણ ઉપરાંત પર્યાવરણ સંબંધિત કોઈપણ કાનૂની અધિકારના અમલીકરણ સાથે સંબંધિત કેસોના અસરકારક અને ઝડપી નિકાલ માટે કરવામાં આવી છે.
- આ સંસ્થા “કોડ ઓફ સિવિલ પ્રોસિજર, 1908” હેઠળ નિર્ધારિત પ્રક્રિયાથી બંધાયેલ નથી, આ સંસ્થા કુદરતી ન્યાયના સિદ્ધાંતો દ્વારા માર્ગદર્શન આપે છે.

## ભારતનું પ્રથમ નાઈટ સ્કાય અભયારણ્ય લદાખમાં સ્થાપવામાં આવશે...

- તાજેતરમાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ એ લદાખમાં ભારતનું પ્રથમ નાઈટ સ્કાય અભયારણ્ય સ્થાપવાનું નક્કી કર્યુ છે.
- આ નાઈટ સ્કાય અભયારણ્ય લદાખના હેનલેમાં ચાંગથાંગ વન્યજીવ અભ્યારણના ભાગ રૂપે સ્થાપવામાં આવશે.
- આ અભયારણ્યની મદદથી ભારતમાં ખગોળ – પર્યટનને પ્રોત્સાહન મળશે અને ઓપ્ટિકલ, ઈન્ફ્રારેડ અને ગામા – રે ટેલિસ્કોપ માટે વિશ્વના સૌથી ઊંચા અભયારણ્યોમાનું આ એક સ્થળ હશે.




### ❖ ચાંગથાંગ વન્યજીવ અભયારણ્ય વિશે...


- લદાખના લેહ જિલ્લાના ચાંગથાંગ ઉચ્ચપ્રદેશમાં સ્થિત, ચાંગથાંગ વન્યજીવ અભયારણ્ય એ લદાખ ક્ષેત્રમાં સૌથી લોકપ્રિય અભયારણ્ય છે.
- આ અભયારણ્ય તેના લેન્ડસ્કેપ માટે જાણીતું છે તેમજ વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિની વિશાળ વિવિધતા ધરાવે છે.
- 4000 ચોરસ કિલોમીટરના વિસ્તારના ફેલાયેલા આ અભયારણ્યમાં વિશ્વનું સૌથી ઊંચુ સરોવર લેક ત્સો મોરીરી પણ છે.
- આ અભયારણ્ય નોર્થઈસ્ટ ગ્રીનલેન્ડ નેશનલ પાર્ક પછી બીજા નંબરનું સૌથી મોટું નેચર રિઝર્વ માનવામાં આવે છે. આ અભયારણ્ય 14000 થી 19000 ફુટની ઊંચાઈએ આવેલું છે.

## ISRO એ ઈન્ફ્લેટેબલ એરોડાયનેમિક ડીસીલેરેટર (Inflatable Aerodynamic Decelerator) નું પરીક્ષણ કર્યું..

- તાજેતરમાં ISRO (Indian Space Research Organisation) એ ઈન્ફ્લેટેબલ એરોડાયનેમિક ડીસીલેરેટર (IAD) ટેકનોલોજીનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું.
- આ ટેકનોલોજીની મદદથી ખર્ચાળ રોકેટ સ્ટેજની પાછળ કરાયેલા ખર્ચનો અસરકારક ઉપયોગ અને અન્ય ગ્રહો પર પેલોડને સુરક્ષિત રીતે ઉતારવામાં મદદ કરશે.

### ❖ ઈન્ફ્લેટેબલ એરોડાયનેમિક ડીસીલેરેટર (IAD) વિશે....

- IAD નું ISRO ના વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર (VSSC) દ્વારા ડિઝાઈન તૈયાર કરી, તેને વિકસિત કરી સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું છે.
- IAD એ થુમ્બા ઈક્વેટોરિયલ રોકેટ લોન્ચિંગ સ્ટેશન (તિરુવંતપુરમ્, કેરળ)થી રોહિણી – 300 (RH300 MKII) સાઉન્ડિંગ રોકેટનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ હતું.
- રોહિણી સાઉન્ડિંગ રોકેટનો ઉપયોગ નિયમિત પણે ISROના વૈજ્ઞાનિક અને વિદેશના વૈજ્ઞાનિકો દ્વારા વિકસાવવામાં આવી રહેલી નવી તકનીકોના ઉડાન પ્રદર્શન માટે કરવામાં આવે છે.




- IAD વાતાવરણમાં નીચે આવતા પદાર્થને ધીમો પાડવાનું કામ કરે છે.
- IADને શરૂઆતમાં ફોલ્ડ કરવામાં આવ્યું હતું અને રોકેટના પેલોડને સમુદ્ર તરફ રાખવામાં આવ્યું હતુ. લગભગ 84 કિમીની ઊંચાઈએ, IAD ને છૂટું કરવામાં આવ્યું અને તે રોહિણી સાઉન્ડિંગ રોકેટના પેલોડ ભાગ સાથે વાતાવરણમાંથી નીચે ઉતર્યુ હતું.
- આ પરીક્ષણ પછી કહી શકાય કે IAD એ એરોડાયનેમિક ડ્રેગ દ્વારા પેલોડના વેગને વ્યવસ્થિત રીતે ઘટાડયો છે અને અનુમાનિત માર્ગને અનુસરે છે.

**Indian Space Research Organisation (ISRO) વિશે....**

**સ્થાપના :** 15 ઓગસ્ટ, 1969
**વડુમથક :** બેંગ્લોર, કર્ણાટક
**અધ્યક્ષ :** શ્રીધરા પાનીકર સોમનાથ

## જૈવવિવિધતાના સંરક્ષણ પર ભારત અને નેપાળ વચ્ચે સમજૂતી.



- તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા પ્રસ્તાવિત જૈવવિવિધતા સંરક્ષણ પર નેપાળ સરકાર સાથેના સમજૂતી પત્રને મંજૂરી આપી દીધી છે.
- આ MoU (સમજૂતી પત્ર) પર બંને દેશો વચ્ચે વનસંવર્ધન, જૈવવિવિધતા સંરક્ષણ અને આબોહવા પરિવર્તનના ક્ષેત્રોમાં સંકલન અને સહયોગને વધારવા માટે હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.
- આ MoU થી બન્ને દેશો વચ્ચે કોરિડોરની પુનઃસ્થાપના અને ક્ષેત્રોને જોડવામાં અને બંને દેશો વચ્ચે જ્ઞાન અને શ્રેષ્ઠ પ્રથાઓના આદાનપ્રદાનમાં પણ મદદ કરશે.
- ભારત, નેપાળ સાથે 1850 km થી વધુ સીમાઅંતર ધરાવે છે જેમાં સિક્કિમ, પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડને નેપાળની સીમા સ્પર્શે છે.
- ભારત અને નેપાળ પહેલાથી જ વન્યજીવ સંબંધિત સંખ્યાબંધ મુદ્દાઓ પર સહયોગ કરી રહ્યા છે, પરંતુ આ MoU થી દ્વિપક્ષીય સહયોગ મજબૂત બનશે અને મહત્વપૂર્ણ ક્રોસ–બોર્ડર વન્યજીવ આવાસના વ્યવસ્થાપનને મજબૂત બનાવશે.
- ભારત અને નેપાળની સંયુકત સરહદમાં અનેક સરહદી વન્યજીવોના રહેઠાણોનો સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે બિહારમાં આવેલ વાલ્મિકી ટાઈગર રિઝર્વ, નેપાળના ચિતવન રાષ્ટ્રીય ઉદ્યાન અને પારસા વન્યજીવ અભયારણ્ય સાથે જોડાય છે. તેવી જ રીતે, ઉત્તરપ્રદેશમાં દુધવા ટાઈગર રિઝર્વ નેપાળના શુકલાફાંટા નેશનલ પાર્ક સાથે સીમા ધરાવે છે. આમ, આ MoU સીમાંત લેન્ડસ્કેપના સંચાલન પર નોંધપાત્ર ધ્યાન કેન્દ્રિત કરે તેવી અપેક્ષા છે.

**નેપાળ વિશે....**

- **રાજધાની** : કાઠમાંડુ
- **મુદ્રા** : નેપાળી રૂપી
- **રાષ્ટ્રપતિ** : બિધ્યાદેવી ભંડારી
- **પ્રધાનમંત્રી** : શેર બહાદુર દેઉબા

## ઓડિશામાં નુઆખાઈ કૃષિ ઉત્સવની શરૂઆત.



Nuakhai festival celebrations

- તાજેતરમાં નુઆખાઈ (Nuakhai) એ ઓડિશામાં ઉજવવામાં આવતો વાર્ષિક લણણીનો તહેવાર છે.
- આ તહેવાર ગણેશ ચતુર્થીના એક દિવસ પછી ઉજવવામાં આવે છે.
- આ તહેવાર પશ્ચિમ ઓડિશામાં સૌથી શુભ અને મહત્વપૂર્ણ સામાજિક તહેવાર છે.
- નુઆખાઈમાં નુઆ એટલે નવું અને ખાઈ એટલે ખોરાક.
- ઓડિશાના ખેડૂતો અનાજની લણણી પછી નુઆખાઈનો તહેવાર ઉજવે છે.
- આ તહેવાર પર ઓડિયા લોકો દેશના કોઈપણ સ્થળે રહેતા હોય પણ ઉજવણીનો ભાગ બનવા માટે તેમના મૂળ સ્થાનો પર પાછા ફરે છે.
- નવા કપડા પહેરી અને ભગવાનને પ્રાર્થના કરીને તહેવારની ઉજવણી કરવામાં આવે છે, જેના પછી નવા લણાયેલા પાકનો ઉપયોગ કરીને તૈયાર ખોરાકનો ઉપયોગ કરવામાં આવે છે.
- આ તહેવાર અમુક અંશે ઝારખંડના સિમડેગા નજીકના વિસ્તારોમાં પણ ઉજવવામાં આવે છે.
- ઓડિશામાં ઉજવવામાં આવતા 13 સ્થાનિક તહેવારોમાંથી આ એક તહેવાર છે, આ તહેવારને સ્થાનિક ઓડિયા ભાષામાં "બારા માસ્સારે તેરા પર્વ" તરીકે પણ ઓળખવામાં આવે છે.
- નુઆખાઈ તહેવારનો હેતુ દેશની આર્થિક પ્રગતિમાં કૃષિની સુસંગતતા વિશે સમાજને એક વિશેષ સંદેશ આપવાનો છે.

## વોસ્ટોક લશ્કરી કવાયત–2022 (Vostok Military Exercise)નું આયોજન




- તાજેતરમાં ભારતીય સેનાની 7/8 ગોરખા રાઈફલ્સના સૈનિકોની ટુકડી 1 થી 7 સપ્ટેમ્બર 2022 દરમિયાન યોજાયેલી બહુપક્ષીય વ્યૂહાત્મક અને કમાન્ડ કવાયત વોસ્ટોક 2022માં ભાગ લેવા માટે રશિયા પહોંચી હતી.
- આ કવાયતનું આયોજન રશિયાના વ્લાદિવોસ્ટોક શહેરમાં ઈસ્ટર્ન મિલિટરી ડિસ્ટ્રીક્ટ અને પેસિફિક–ફ્લીટના સંયુક્ત પ્રયાસે થયું હતું.
- આ કવાયતમાં ભારત, ચીન, લાઓસ, મંગોલિયા, નિકારાગુઆ, સિરિયા અને ભૂતપૂર્વ સોવિયેત સંઘના દેશો મળી કુલ 50 હજારથી વધુ સૈનિકોએ ભાગ લીધો હતો.
- સાત દિવસીય આ કવાયતમાં દરેક દેશોના ત્રણેય દળો (આર્મી, નેવી, એરફોર્સ) ભાગ લીધો હતો. પરંતુ ભારતીય નેવી (NAVY)એ આ કવાયતમાં ભાગ લીધો ન હતો.
- આ કવાયત દરમિયાન હુમલા અને સંરક્ષણ બંનેની સંયુક્ત અભ્યાસ થયો હતો. તેમજ પાંચ હજારથી વધુ પ્રકારના હથિયારોનો ઉપયોગ કરવામાં આવ્યો. જેમાં 140 ફાઈટર એરક્રાફ્ટ , 60 યુદ્ધ જહાજ, ગનબોટ અને સહયોગી જહાજો હતા.
- વ્લાદિવોસ્ટોક શહેર રશિયાના પૂર્વમાં જાપાનની સમુદ્ર સીમા પર સ્થિત છે. આવી સ્થિતિમાં જાપાને આ સૈન્ય અભ્યાસ સામે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો.

**રશિયા (Russia) વિશે....**

| | | |
|---|---|---|
| રાજધાની | : | મોસ્કો |
| મુદ્રા | : | રશિયન રૂબેલ |
| રાષ્ટ્રપતિ | : | વ્લાદિમીર પુતિન |
| પ્રધાનમંત્રી | : | મિખાઈલ મિશુસ્ટિન |

## કેબિનેટ કમિટિ ઓન સિકયોરિટીએ “તેજસ માર્ક – 2 ” ( Tejas Mark- 2) પ્રોજેકટને મંજુરી આપી.




- તાજેતરમાં કેબિનેટ કમિટિ ઓન સિકયોરિટી (CSS) એ સ્વેદેશી એરક્રાફ્ટ Light Combat Aircraft (LCA) માર્ક–2 મલ્ટીરોલ ફાઈટર જેટનું વધુ સક્ષમ અને શક્તિશાળી સંસ્કરણ વિકસાવવા માટેના પ્રોજેકટને મંજુરી આપી હતી.
- તેજસ માર્ક– 2 ને 4.5 જનરેશન મશીન તરીકે વર્ણવવામાં આવ્યું છે, જે માત્ર 70 ટકા સ્વદેશીકરણ જ નહિ પરંતુ ભારતમાં ઉત્પાદિત કરવા માટે વધુ અધતન તકનીકોનો સમાવેશ કરવામાં આવશે.
- તેજસ એ સિંગલ – એન્જિન અને અત્યંત મેન્યુવરેબલ મલ્ટી–રોલ સુપરસોનિક ફાઈટર એરક્રાફ્ટ છે જેનું નિર્માણ રાજય સંચાલિત હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા કરવામાં આવે છે.
- LCA (Light Combat Aircraft) માર્ક – 2 મલ્ટીરોલ ફાઈટર જેટને વધુ શક્તિશાળી GE – 414 એન્જિન સાથે ફીટ કરવામાં આવશે, જે તેને હાલના તેજસ માર્ક – 1 કરતા વધુ લાંબી લડાયક શ્રેણી અને વધુ હથિયાર વહન કરવાની ક્ષમતા આપશે.
- તેજસ માર્ક – 2 ની મંજુરી ભારતીય વાયુસેના માટે મોટી રાહત છે. IAF (Indian Air Force) પાસે હાલમાં 42 ફાઈટર સ્કવોડ્રનની મંજુરી સામે 30 ફાઈટર સ્કવોડ્રન છે.
- LCA માર્ક – 2 ફાઈટર જેટ જગુઆર અને મિરાજ 2000 ફાઈટર જેટ 10 વર્ષ પછી એરફોર્સમાંથી બહાર કરવામાં આવશે ત્યારે તેનું સ્થાન લેશે.

## HAL અને L & T દ્વારા 5 PSLV રોકેટ બનાવવામાં આવશે.




- તાજેતરમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ અને L & T કન્સોર્ટિયમ આગામી સમયમાં 5 PSLV રોકેટ બનાવશે.
- કન્સોર્ટિયમ (Sonsortium) નો અર્થ – ચોક્કસ હેતુ માટે સાથે મળીને કામ કરતી કંપનીઓનું જૂથ થાય છે.
- આ બંને કંપનીએ NSIL – ન્યૂસ્પેસ ઈન્ડિયા લિમિટેડ પાસેથી રૂા. 860 કરોડનો કરાર મેળવ્યો છે.
- આ કન્સોર્ટિયમ 5 PSLV રોકેટનું ઉત્પાદન કરશે જે ભારતનું વિશ્વસનીય લોન્ચ વ્હીકલ છે.
- GOCO-Government Owned, Contractor Operated કોન્સેપ્ટ હેઠળ કન્સોર્ટિયમ હવે લોન્ચરનું ઉત્પાદન, એકસાથે મૂકવા અને એકીકૃત કરવાની જવાબદારી સંભાળશે.
- NSIL ભારતીય બિઝનેસ એસોસિએટ્સ પાસેથી સંપૂર્ણપણે એસેમ્બલ GSLV-MK III રોકેટ મેળવવાની પણ યોજના બનાવી રહયું છે.
- કેન્દ્રીય કેબિનેટ દ્વારા જૂન 2022 માં ભારત સરકાર તરફથી NSIL માં 10 ઈન– ઓર્બિટ કમ્યુનિકેશન સેટેલાઈટના ટ્રાન્સફરને મંજૂરી આપવામાં આવી હતી.

## Polar Satellite Launch Vehicle (PSLV) વિશે....

- PSLV ભારતની અદ્યતન, મજબૂત તથા વિશ્વાસપાત્ર પ્રક્ષેપણ ટેકનોલોજી છે. આ રોકેટ ત્રીજી પેઢીનું ઐતિહાસિક સાબિત થયું છે.
- 20 સપ્ટેમ્બર, 1993ના રોજ PSLVએ પોતાની પ્રથમ ઉડાન ભરી હતી.

| PSLV | | |
|---|---|---|
| Core Alone Model | Standard Model | XL Model |
| 1100 કિગ્રા થી ઓછું પે લોડ વહન કરવા માટે | 1500 કિગ્રા સુધીની પે લોડ વહન કરવા માટે | 2000 કિગ્રા સુધીનું પે લોડ તથા ખૂબ ઉંચાઈવાળા અભિયાન દા.ત. ચંદ્રયાન, મંગળ મિશન |

- પ્રથમ તથા બીજા સ્તરમાં ઘન બળતણનો ઉપયોગ થાય છે. ઘન બળતણ તરીકે હાઈડ્રોક્સિ ટર્મિનેટેડ પોલીબ્યુટાડિન (HTPB)નો ઉપયોગ થાય છે.
- બીજા અને ચોથા ચરણમાં પ્રવાહી બળતણનો ઉપયોગ થાય છે. પ્રવાહી બળતણ તરીકે અનસિમેટ્રિકલ ડાઈમિથાઈલ હાઈડ્રેઝિન (UDMH)નો ઉપયોગ કરવામાં આવે છે.
- તેમજ UDMHની સાથે નાઈટ્રોજન ટ્રેટાઓકસાઈડ ($N_2O_4$)નો ઉપયોગ કરવામાં આવે છે.
- PSLV ની કેટલીક અગત્યની સફળ ઉડાન :
  (1) PSLV C – 9 – (2008) : એક સાથે 10 ઉપગ્રહો પ્રક્ષેપિત કરવામાં સફળ.
  (2) PSLV C – 11 – (22 ઓકટોબર, 2008) – ચંદ્રયાન–1 નું સફળ પ્રક્ષેપણ.
  (3) PLSV C – 21 – (2012) – ઈસરોનું – 100મું મિશન.

## Geo Synchronous Satellite Launch Vehicle (GSLV) વિશે....

- GSLV રોકેટ PSLVનું જ વિકસાવેલું સ્વરૂપ છે. GSLV મુખ્યત્વે જીઓસિંક્રોનસ ટ્રાન્સફર ઓર્બિટમાં ઉપગ્રહોના INSAT (Indian National Satellite) વર્ગને લોન્ચ કરવા માટે વિકસાવવામાં આવ્યું છે.
- GSLV નો ઉપયોગ GSAT શ્રેણીના ઉપગ્રહો લોન્ચ કરવા માટે થઈ રહ્યો છે.
- GSLV એ ત્રણ તબક્કાનું પ્રક્ષેપણ છે જે એક સોલિડ ફયુઅલ સ્ટેજ, બીજું લિકિવડ ફયુઅલ સ્ટેજ અને ત્રીજું ક્રાયોજેનિક સ્ટેજનો ઉપયોગ કરે છે.

**ક્રાયોજેનિક સ્ટેજ એટલે ક્રાયોજેનિક એન્જિનનો તબક્કો :**

- → આ તબક્કાના ઈંધણ તરીકે પ્રવાહી હાઈડ્રોજન ($H_2$) અને પ્રવાહી ઓકિસજન ($O_2$) નો ઉપયોગ કરવામાં આવે છે. આ વાયુઓને પ્રવાહી સ્વરૂપમાં લાવવા માટે તાપમાન ખૂબ નીચું લઈ જવામાં આવે છે.
- → -150$^{o}$C તાપમાનને ક્રાયોજેનિક તાપમાન કહે છે. આ ખૂબ નીચા તાપમાનના કારણે જ આ એન્જિનને ક્રાયોજેનિક (ખૂબ જ ઠંડુ) કહે છે. જ્યારે પ્રવાહી હાઈડ્રોજન અને પ્રવાહી ઓકિસજનને કમ્બશન ચેમ્બરમાં લાવીને દહન કરવામાં આવે છે, ત્યારે ચેમ્બરનું તાપમાન 20,000$^{o}$C સુધી પહોંચી જાય છે અને પ્રચંડ ઊર્જાના કારણે જોરદાર ધક્કો લાગે છે. તેથી વધુ વજન ધરાવતું પે લોડ સરળતાથી પોતાની કક્ષામાં સ્થાપિત થાય છે.
- → ભારતે ક્રાયોજેનિક ટેકનોલોજી રશિયા પાસેથી મેળવી છે.
- → ક્રાયોજેનિક એન્જિન ધરાવતા દેશો : યુએસ, રશિયા, જાપાન, ચીન, ફ્રાન્સ અને ભારત.

- GSLV દ્વારા 10 ટન વજન ધરાવતા ઉપગ્રહોને લોન્ચ કરવા સક્ષમ છે.

GPSC દ્વારા 16th October, 2022 ના રોજ લેવાનાર

# Dy.SO

# નાયબ મામલતદાર

## Prelims માટે MOCK TESTS

સંસ્થાના જુના તેમજ વર્તમાન વિદ્યાર્થીઓ માટે ફ્રી રહેશે.

વર્તમાન પરીક્ષા પદ્ધતિને આધારે અનુભવી ટીમ દ્વારા તૈયાર કરવામાં આવેલ આદર્શ

**Model Papers**

Mock Test આપવા માટે આપનું નામ નોંધાવવું જરૂરી છે

માત્ર RS. 400 / -

**Mock Test Time Table**

200 Marks — 2 Hours

| Date | Test |
|---|---|
| Mock Test - 1 | 25th Sept |
| Mock Test - 2 | 27th Sept |
| Mock Test - 3 | 30th Sept |
| Mock Test - 4 | 02nd Oct |
| Mock Test - 5 | 04th Oct |
| Mock Test - 6 | 06th Oct |
| Mock Test - 7 | 07th Oct |
| Mock Test - 8 | 09th Oct |

(Creating A Way For Govt. Jobs)

Banking Academy

(Preparation for All Types of Competitive Exams)

આ Mock Tests સંસ્થાની દરેક શાખાઓ પર આપી શકાશે

Surat (HO) Ph. : 70466 33255

Varachha (Surat) Ph. : 70464 16555

Navsari Ph. : 70466 41555

Vyara Ph. : 90998 64658

# 9 રમત-જગત, નિમણૂક, વ્યક્તિ, પુસ્તક અને નિધન

## પલ્લાથુરુથી બોટ ક્લબ (Pallathuruthy Boat Club) એ નેહરુ ટ્રોફી બોટ રેસની 68 મી આવૃત્તિ જીતી.




- તાજેતરમાં કેરળના અલપ્પુઝા જિલ્લામાં પુનમડા તળાવ પર આયોજિત બોટ રેસ માટે પલ્લાથુરુથી બોટ ક્લબે તાજેતરમાં નેહરુ ટ્રોફીની 68 મી આવૃત્તિ જીતી લીધી છે.
- કોવિડ – 19 રોગચાળાને કારણે બે વર્ષના અંતરાલ પછી યોજાયેલી બોટ રેસની આ આવૃત્તિને "આંદામાન અને નિકોબાર" ના લેફ્ટનન્ટ ગવર્નર ડી.કે. જોશી દ્વારા ફ્લેગ ઓફ કરવામાં આવ્યો હતો.
- આ સ્પર્ધામાં NCDC Boat Club રનરઅપ રહી હતી.
- આ સ્પર્ધામાં પલ્લાથુરુથી બોટ ક્લબની બોટે 1.15 કિ.મી. નું અંતર 4 મિનિટ 30 સેકન્ડમાં કાપીને ટાઈટલ જીત્યું હતું.
- પલ્લાથુરુ થીની બોટ ક્લ્બના કેપ્ટન સંતોષ ચાકો ની નેહરુ ટ્રોફીમાં આ હેટ્રિક ટાઈટલ જીત છે.

## ટાટા ગ્રુપના પૂર્વ ચેરમેન સાયરસ મિસ્ત્રીનું નિધન.




- તાજેતરમાં ટાટા ગ્રુપના પૂર્વ ચેરમેન સાયરસ મિસ્ત્રીનું અકસ્માતમાં નિધન થયું.
- સાયરસ મિસ્ત્રી ભારતીય મૂળના સૌથી સફળ અને શકિતશાળી ઉદ્યોગપતિઓ પૈકીના એક છે.
- સાયરસ મિસ્ત્રીનો જન્મ આયરલેન્ડ ખાતે થયો હતો. તેમણે લંડન બિઝનેસ સ્કૂલ ખાતે અભ્યાસ કર્યો હતો.
- ડિસેમ્બર 2012માં રતન ટાટાએ ટાટા સન્સના ચેરમેન પદેથી નિવૃત્તિ લીધી હતી. ત્યારબાદ સાયરસ મિસ્ત્રીને ટાટા સન્સના ચેરમેન બનાવવામાં આવ્યા હતા. તેઓ ટાટા સન્સના સૌથી યુવા ચેરમેન હતા.
- મિસ્ત્રી પરિવાર ટાટા સન્સમાં 18.4% ભાગીદારી ધરાવે છે. તેઓ ટાટા ટ્રસ્ટ બાદ ટાટા સન્સના બીજા નંબરના સૌથી મોટા શેર હોલ્ડર છે.
- સાયરસ મિસ્ત્રીને ટાટા સન્સના ચેરમેન બનાવવામાં આવ્યા તેના 4 વર્ષની અંદર જ 24 ઓક્ટોબર, 2016ના રોજ ટાટા સન્સે તેમના ચેરમેન પદેથી દૂર કરી દીધા હતા અને તેમના સ્થાને રતન ટાટાને વચગાળાના ચેરમેન બનાવવામાં આવ્યા હતા.

## જાણીતા અર્થશાસ્ત્રી અને આયોજન પંચના ભૂતપૂર્વ સભ્ય અભિજિત સેનનું નિધન.

- તાજેતરમાં ભારતના જાણીતા અર્થશાસ્ત્રી અને આયોજન પંચના ભૂતપૂર્વ સભ્ય અભિજિત સેનનું 29 ઓગસ્ટ, 2022ના રોજ 72 વર્ષની વયે અવસાન થયું હતું.
- અભિજિત સેનનો જન્મ નવી દિલ્હીમાં રહેતા બંગાળી પરિવારમાં થયો હતો.
- તેમણે સેન્ટ સ્ટીફન્સ કોલેજ, દિલ્હી યુનિવર્સિટીમાંથી ભૌતિકશાસ્ત્રમાં સ્નાતક થયા અને 1981માં તેમણે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં પીએચડી કર્યું.
- જ્યાં તેઓ ટ્રિનિટી હોલના સભ્ય પણ હતા. તેમણે ગ્રામીણ અર્થતંત્રને સુધારવા માટે ઘણા મહત્વપૂર્ણ કાર્યો કર્યા. વર્ષ 1997માં, તેમની ભારત સરકાર દ્વારા કૃષિ ખર્ચ અને કિંમતો પરના કમિશનના અધ્યક્ષ તરીકે પણ નિમણૂક કરવામાં આવી હતી.
- તેમણે કૃષિ કોમોડિટીઝ માટે લઘુત્તમ ટેકાના ભાવ (MSP)ની ભલામણ કરી હતી. વર્ષ 2014માં તેમને સરકાર દ્વારા 'લોંગ ટર્મ ફૂડ પોલિસી પર નિષ્ણાતોની ઉચ્ચ–સ્તરીય સમિતિ'ના અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા.
- અભિજીત સેન યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP), એશિયન ડેવલપમેન્ટ બેંક, યુનાઈટેડ નેશન્સનું ફુડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (એફએઓ), કૃષિ વિકાસ માટે આંતરરાષ્ટ્રીય ફંડ અને ઓઈસીડી જેવી અનેક વૈશ્વિક સંશોધન અને બહુપક્ષીય સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા છે. વર્ષ 2010માં તેમને જાહેર સેવા માટે પદ્મભૂષણથી નવાજવામાં આવ્યા હતા.

## ઈંગ્લેન્ડના રાણી એલિઝાબેથ દ્વિતીયનું અવસાન

- તાજેતરમાં U.K.માં 70 વર્ષ સુધી શાસન કરનાર રાણી એલિઝાબેથ દ્વિતીયનું 96 વર્ષની વયે બાલમોરલ ખાતે અવસાન થયું.
- તાજેતરમાં ક્વીન એલિઝાબેથ દ્વિતીય U.K. ના નવા વડાપ્રધાન લિઝ ટ્રસની નિમણુંક કરી હતી.




❖ **રાણી એલિઝાબેથ II નું શાસન**

- રાણી એલિઝાબેથ દ્વિતીયને 2 જૂન, 1953 ના રોજ વેસમિન્સ્ટર એબી ખાતે 27 વર્ષની વયે તાજ પહેરાવવામાં આવ્યો હતો.
- એલિઝાબેથ એલેક્ઝાન્ડ્રા મેરી વિન્ડસર (રાણી એલિઝાબેથ II) નો જન્મ 21 એપ્રિલ, 1926 ના રોજ મેફેર, લંડનમાં થયો હતો.
- રાજયના વડા તરીકે રાણી એલિઝાબેથ દ્વિતીયના શાસનમાં બીજા વિશ્વયુદ્ધ પછીના સામ્રાજયમાંથી કોમનવેલ્થમાં પરિવર્તન, શીત યુદ્ધનો અંત અને યુરોપિયન યુનિયનમાં U.K.નું સભ્યપદ અને બહાર નીકળવું (Brexit – British Exit) વગેરેનો સમાવેશ થાય છે.

## પ્રસિદ્ધ ગાયક અને સંગીતકાર ભૂપેન હજારિકાનું નિધન.



- તાજેતરમાં 5 નવેમ્બર 2011 ના રોજ પ્રસિદ્ધ ગાયક અને સંગીતકાર ભૂપેન હજારિકાનું અવસાન થયું હતું.
- ભૂપેન હજારિકા પ્રખ્યાત આસામી ગાયક અને સંગીતકાર હતા. તેમનો જન્મ 8 સપ્ટેમ્બર 1926 ના રોજ આસામના સાદિયામાં થયો હતો. તેમને મરણોત્તર ભારત રત્ન એનાયત કરવામાં આવ્યો છે. તેઓના સન્માનમાં ગૂગલે તેમના 96માં જન્મદિવસ પર ડુડલ બનાવ્યું હતું.
- તેઓ 'બ્રહ્મપુત્રાના બાર્ડ' તરીકે પણ જાણીતા હતા. ડો. હઝારિકા ઉત્તરપૂર્વ ભારતના અગ્રણી સામાજિક – સાંસ્કૃતિક સુધારકોમાંના એક હતા, જેમના કાર્યો જીવનના તમામ ક્ષેત્રના લોકોને એક કરે છે.
- હઝારિકા માત્ર સંગીતકાર જ ન હતા, પરંતુ તેઓ એક બૌદ્ધિક પણ હતા. તેમણે 1946 માં બનારસ હિંદુ યુનિવર્સિટીમાંથી રાજકીય વિજ્ઞાનમાં માસ્ટર ડિગ્રી અને 1952 માં કોલંબિયા યુનિવર્સિટીમાંથી માસ કોમ્યુનિકેશનમાં પી.એચ.ડીની ડિગ્રી મેળવી હતી.
- યુ.એસ. માં અભ્યાસ પૂરો કર્યા પછી, તેઓ એવા ગીતો અને ફિલ્મો પર કામ કરવાનું ચાલુ રાખવા માટે ભારત પાછા ફર્યા અને આસામી સંસ્કૃતિને રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે લોકપ્રિય બનાવી.

## ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનના પ્રમુખ તરીકે કલ્યાણ ચૌબેની નિમણૂક.

- તાજેતરમાં ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનના પ્રમુખ તરીકે કલ્યાણ ચૌબે ચુંટાઈ આવ્યાં છે.
- કલ્યાણ ચૌબે કોલકાતામાં મોહન બાગાન અને પૂર્વ બંગાળ ફૂટબોલ કલબના ગોલકીપર હતા.
- કલ્યાણ ચૌબેને વિવિધ રાજય સંગઠનોના પ્રતિનિધિઓ ધરાવતા 34 સભ્યોના મતદારોમાંથી 33 મત મળ્યા હતા. તેમના પ્રતિસ્પર્ધી બાઈચુંગ ભૂટિયાને એક મત મળ્યો હતો.
- ભૂતપૂર્વ 'ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન' ના પ્રમુખ પ્રફુલ પટેલને સર્વોચ્ચ અદાલત (Supreme Court) દ્વારા પ્રમુખપદ છોડવાનું જણાવ્યુ હતું જેના પરિણામે AIFF ને તેના 85 વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત ફૂટબોલ સંચાલક સંસ્થા FIFA દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું.




**International Federation of Association Football (FIFA) વિશે...**

**સ્થાપના :** 21 મે, 1904
**વડુમથક :** ઝયુરિચ (સ્વિટ્ઝર્લેન્ડ)
**પ્રમુખ :** જિયાની ઈન્ફેન્ટિનો

**All India Football Federation (AIFF) વિશે...**

**સ્થાપના :** 23 જૂન, 1937
**વડુમથક :** નવી દિલ્હી
**પ્રમુખ :** કલ્યાણ ચૌબે

# 10 એવોર્ડ અને પુરસ્કાર

## રેમન મેગ્સેસ પુરસ્કાર 2022




➲ તાજેતરમાં રેમન મેકસેસે પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી હતી.

| ક્રમ | વિજેતાનું નામ | સંબંધિત ક્ષેત્ર | દેશ |
|---|---|---|---|
| 1 | સોથિયારા ચિમ | મનોચિકિત્સક | કંબોડિયા |
| 2 | તાદાશી હટ્ટોરી | નેત્રચિકિત્સક | જાપાન |
| 3 | બર્નાડેટ મેડ્રિડ | બાળરોગ નિષ્ણાત | ફિલિપાઈન્સ |
| 4 | ગેરી બેન્ચેગીબ | કાર્યકર અને ફિલ્મ નિર્માતા | ઈન્ડોનેશિયા |

❖ **સોથિયારા ચિમ (મનોચિકિત્સક) વિશે...**

- 54 વર્ષીય કંબોડિયન સોથિયારા ચિમને ખ્મેર રૂજ શાસન હેઠળ પીડિત લોકોને મદદ કરવા માટે પોતાનું જીવન સમર્પિત કરવા બદલ પુરસ્કાર આપવામાં આવ્યો છે.

❖ **તાદાશી હટ્ટોરી (નેત્ર ચિકિત્સક) વિશે...**

- 58 વર્ષીય જાપાની તાદાશી હટ્ટોરી એ વિયેતનામમાં આંખની મફત શસ્ત્રક્રિયા (સારવાર) પૂરી પાડવા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા, જયાં આવા નિષ્ણાતો અને સુવિધાઓ મર્યાદિત છે.

❖ **બર્નાડેટ મેડ્રિડ (બાળરોગ નિષ્ણાત) વિશે...**

- 64 વર્ષીય બર્નાડેટ મેડ્રિડએ ફિલિપાઈન્સમાં ઘરેલું દુર્વ્યવહાર પીડિતોને મદદ કરવા અને બાળ સુરક્ષા કેન્દ્ર સ્થાપવા બદલ એવોર્ડ મળ્યો છે. વર્ષ 1997માં તેમણે મનીલામાં ફિલિપાઈન જનરલ હોસ્પિટલમાં દેશના પ્રથમ બાળસરંક્ષણ કેન્દ્રની સ્થાપના કરી હતી. વર્ષ 2021 માં તેમણે 27000 થી વધુ બાળકોને સેવા આપી છે.

❖ **ગેરી બેન્ચેગીબ (પર્યાવરણ કાર્યકરતા અને ફિલ્મ નિર્માતા) વિશે...**

- 27 વર્ષીય ફ્રેન્ચ પર્યાવરણ કાર્યકર્તા અને ફિલ્મ નિર્માતા ગેરી બેન્ચેગીબને ઈન્ડોનેશિયાના પ્રદુષિત જળમાર્ગોને સાફ કરવાના તેમના પ્રયાસો બદલ આ એવોર્ડ આપવામાં આવ્યો છે.

**રેમન મેગ્સેસ પુરસ્કાર (Ramon Magsaysay Award) વિશે....**

- રેમન મેગ્સેસ પુરસ્કાર એ એક વાર્ષિક પુરસ્કાર છે જે ફિલિપાઈન્સના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રેમન મેગ્સેસના યાદમાં આપવામાં આવે છે.
- આ પુરસ્કારની શરૂઆત ફિલિપાઈન્સ દેશ દ્વારા વર્ષ 1987 માં કરવામાં આવી હતી.
- રેમન મેગ્સેસ પુરસ્કારને એશિયાના નોબેલ પુરસ્કાર તરીકે ઓળખવામાં આવે છે.
- આ પુરસ્કાર એવા વ્યકિતઓને આપવામાં આવે અથવા સન્માનિત કરવામાં આવે છે કે જમણે તેમના કાર્યક્ષેત્રમાં વિશિષ્ટતા પ્રાપ્ત કરી હોય અને અન્ય લોકોને ઉદારતાથી મદદ કરી હોય.

## ભારતીય સેનાના વડા જનરલ મનોજ પાંડેને નેપાળી સેનાના માનદ જનરલની પદવી એનાયત



➲ તાજેતરમાં ભારતીય સેનાના વડા જનરલ મનોજ પાંડેને કાઠમંડુમાં નેપાળના રાષ્ટ્રપતિ બિદ્યા દેવી ભંડારી દ્વારા નેપાળી સેનાના માનદ જનરલની પદવી એનાયત કરવામાં આવી છે.

➲ નેપાળના રાષ્ટ્રપતિના ભવન 'શિતલ નિવાસ' ખાતે એક વિશેષ સમારોહમાં જનરલ મનોજ પાંડેનું સન્માન કરવામાં આવ્યું હતું.

➲ આ પ્રથા સાત દાયકા જૂની પરંપરા છે. જે એકબીજાના દેશોના સેના પ્રમુખોને માનદ પદવીથી સન્માનિત કરે છે.

➲ નવેમ્બર 2021 માં નેપાળી સેનાના વડા જનરલ પ્રભુ રામ શર્માને પણ ભારતીય સેનાના માનદ જનરલ પદવી આપવામાં આવી હતી.

**ભારતીય થલ સેના (Army) વિશે....**

**રચના** : 1 એપ્રિલ, 1895
**વડુમથક** : નવી દિલ્હી
**મુદ્રા (Motto)** : सेवा परमो धर्म
**ભારતીય સેના વડા** : જનરલ મનોજ પાંડે

- ભારતીય થલ સેના એ ભારતીય સશસ્ત્ર દળોનું સૌથી મોટું સૈન્ય છે. ભારતના રાષ્ટ્રપતિ ભારતીય સેનાના સર્વોચ્ચ કમાન્ડર છે અને સેના સ્ટાફના વડા 4 સ્ટાર ધરાવે છે.



# 11 મહત્વના દિવસો

## 5 સપ્ટેમ્બર : આંતરરાષ્ટ્રીય દાન દિવસ (International Day of Charity)




- દર વર્ષે 5 સપ્ટેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય દાન દિવસ ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ દાન પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવાનો, જરૂરિયાતમંદોને મદદરૂપ થવાનો અને વંચિત લોકોને તેમના અધિકાર માટે પ્રોત્સાહન આપવાનો છે.
- સમાજમાંથી ગરીબી દૂર કરવા, જરૂરિયાતમંદ લોકોને મદદ કરવા અને તેમની તકલીફોને દૂર કરવાના કાર્યોમાં પોતાનું જીવન સમર્પિત કરનાર "મધર ટેરેસા"ની પૂણ્યતિથિના દિવસ 5 સપ્ટેમ્બરને 'આંતરરાષ્ટ્રીય દાન દિવસ' તરીકે પસંદ કરાયો છે.
- હંગેરીમાં યોજાયેલ સંયુકત રાષ્ટ્ર (UN) ની સામાન્ય સભા દ્વારા સૌપ્રથમ વાર વર્ષ 2012 માં 5 સપ્ટેમ્બરને 'આંતરરાષ્ટ્રીય દાન દિવસ' તરીકે ઉજવવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો, જેનું તમામ દેશોએ સમર્થન કર્યુ હતું. વર્ષ 2013 માં પ્રથમ વખત આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણી સ્વયંસેવા અને પરોપકારી પ્રવૃતિઓ દ્વારા જરૂરિયાતમંદ લોકોને મદદ કરવા માટે વિશ્વભરની સંસ્થાઓ, NGO અને હિસ્સેદારોને એકત્રિત કરવાનાં ઉદ્દેશથી કરવામાં આવી હતી.


### Mother Teresa વિશે....

- મધર ટેરેસા નો જન્મ 26 ઓગસ્ટ, 1910 ના રોજ મેસીડોનિયાની રાજધાની સ્કોપજેના ઉસ્કુબ ખાતે થયો હતો.
- 'દયાની દેવી' તરીકે પ્રસિધ્ધ મધર ટેરેસાનું નિધન 5 સપ્ટેમ્બર, 1997 ના રોજ કોલકાતા ખાતે થયું હતું. આ વર્ષે તેમની 25 મી પુણ્યતિથી છે.
- તેઓ વર્ષ 1929 માં ભારત આવ્યા હતા. ભારતીય નાગરિકતા ધરાવતા તેઓ એક અલ્બેનિયન રોમન કેથલિક સાધ્વી હતા.
- તેમણે કોલકાતાની લોરેટો કોન્વેન્ટ શાળામાં શિક્ષિકા તરીકે સેવા આપી હતી. પરંતુ થોડાક સમયમાં તેઓ વંચિતો, નિરાધારો અને ભુખે મરતા લોકોની સંભાળ મા લાગી ગયા હતા.
- મધર ટેરેસાએ વર્ષ 1950 માં ગરીબો અને અસહાય લોકોની સેવા માટે કોલકાતામાં "મિશનરી ઓફ ચેરિટી" ની સ્થાપના કરી હતી.
- મધર ટેરેસા 45 વર્ષ સુધી રકતપિત અને ક્ષયથી પીડાતા લોકો, જરૂરિયાત મંદ લોકો માટે દવાખાના અને અનાથ માટે અનાથાશ્રમ શાળાઓની શરૂઆત કરી હતી.

### મધર ટેરેસાને મળેલા એવોર્ડ

- રેમન મેરસેસે અવોર્ડ (1962)
- પદ્મશ્રી એવોર્ડ (1962)
- નોબેલ શાંતિપુરસ્કાર (1979)
- ભારત રતન એવોર્ડ (1980)

## 5 સપ્ટેમ્બર : રાષ્ટ્રીય શિક્ષક દિવસ (National Teachers Day)





- દર વર્ષે 5 સપ્ટેમ્બરને રાષ્ટ્રીય શિક્ષક દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય વ્યકિતત્વ તથા સમાજના ઘડતરમાં શિક્ષકોના અમૂલ્ય પ્રદાન બદલ તેમના મહત્વને સન્માનિત કરવાનો છે. સમગ્ર દેશની શાળા અને કોલેજોમાં વિવિધ કાર્યક્રમો દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2022 ની થીમ : 'Leading incrisis, reimaging the future.'
- ભારત કરકાર દ્વારા 5 સપ્ટેમ્બર, 1962ના રોજ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના 77માં જન્મદિવસથી 'રાષ્ટ્રીય શિક્ષક દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- 5 સપ્ટેમ્બર, 2022 ના રોજ રાષ્ટ્રપતિ શ્રી દ્રૌપદી મુર્મુ દ્વારા દેશના 46 શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ 46 શિક્ષકોમાં ગુજરાતનાં એકમાત્ર શિક્ષક ઉમેશભાઈ વાળાનો સમાવેશ થાય છે.

## Dr. Sarvepalli Radhakrishnan વિશે....

- ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ 5 સપ્ટેમ્બર, 1888 ના રોજ તમિલનાડુના ચેન્નઈ શહેરમાં બ્રાહ્મણ પરિવારમાં થયો હતો.
- તેઓ ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ અને બીજા રાષ્ટ્રપતિ હતા. આ ઉપરાંત એક મહાન શિક્ષક તત્વચિંતક, અને વિદ્વાન હતા.
- તેઓ વર્ષ 1938 માં મહાત્મા ગાંધીના સંપર્કથી આઝાદીની લડતમાં જોડાયા હતા અને વર્ષ 1942 માં "હિંદ છોડો" આંદોલનમાં ભાગ લીધો હતો.
- વર્ષ 1953 માં દિલ્હી યુનિવર્સિટીના ઉપકુલપતિ પદે રહયા હતા અને ઓકસફર્ડ યુનિવર્સિટીના નીતિશાસ્ત્રના અધ્યાપક તરીકે નિમણૂક પામનાર પ્રથમ ભારતીય હતા. તેમજ વર્ષ 1948 માં યુનેસ્કોના અધ્યક્ષ તરીકે કામગીરી સંભાળી હતી.
- તેમના જન્મદિવસ નિમિત્તે વર્ષ 1962 થી ભારત સરકાર દ્વારા દર વર્ષે 5 સપ્ટેમ્બરને 'રાષ્ટ્રીય શિક્ષક દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

## 8 સપ્ટેમ્બર : "આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ" (The International Literacy Day)




- સમગ્ર વિશ્વમાં સાક્ષરતાના મહત્ત્વ અંગે જાગૃતિ લાવવા માટે દર વર્ષે 8 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ સાક્ષરતા દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ વ્યકિતગત અને રાષ્ટ્રીય વિકાસ માટે જાહેર જાગૃતિ તેમજ સાક્ષરતાનું મહત્વ વધારવા માટેનો છે.
- યુનેસ્કો (UNESCO – United Nations Educational Scientific and Cultural Organization) દ્વારા 17 નવેમ્બર 1966 ના રોજ તેના 14માં સત્રમાં આ દિવસ ઉજવણીની જાહેરાત કરી હતી.
- આ અંતર્ગત વિશ્વમાં 8 સપ્ટેમ્બર 1967 થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો છે.
- 8 સપ્ટેમ્બર 1965 માં આંતરરાષ્ટ્રીય સ્તરે શિક્ષણના કાર્યક્રમની ચર્ચા કરવા માટે ઈરાન દેશના તહેરાન શહેરમાં પ્રથમ વખત શિક્ષણ મંત્રીઓની વિશ્વ કોંગ્રેસની બેઠક મળી હતી, આ માટે દર 8 સપ્ટેમ્બરે આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસની ઉજવણી થાય છે.
- વર્ષ 2022 ની આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસની થીમ "Transforming Literacy Learning Spaces " છે.

# NABARD RECRUITMENT - 2022

# Development Assistant

**Total Vacancy 173**

Approx Salary 32,000/-* Per month

## Educational Qualification

*Bachelor's Degree with 50%*
*(Pass class for SC/ST/PWBD/Ex. Servicemen)*

## Age Limit

*21 to 35 years (As on 1-09-2022)*
*(SC/ST : +5 yrs; OBC : +3 yrs)*

## Online Form

*15th Sept. to 10th Oct. - 2022*

## Exam Schedule

*Phase - I - 06th Nov. - 2022*
*Phase - II - Dec/Jan - 2022/23*

## : Exam Pattern :

**Phase -1 : Objective (Online)**

| Subject | Questions | Marks | Time |
|---|---|---|---|
| English Language | 40 | 40 | Composite time of 60 minutes |
| Numerical Ability | 30 | 30 | |
| Reasoning Ability | 30 | 30 | |
| Total | 100 | 100 | |

**Phase -2 : Main Exam (Online)**

| Subject | Questions | Marks | Time |
|---|---|---|---|
| Reasoning | 30 | 30 | Composite time of 90 minutes for Objective Test and 30 minutes for Descriptive Test |
| Quantitative Aptitude | 30 | 30 | |
| General Awareness (With Special Reference to Agriculture, Rural Development and Banking) | 50 | 50 | |
| Computer Knowledge | 40 | 40 | |
| English Language (Descriptive) | Essay, Precis writing, Report/ Letter Writing | 50 | |
| Total | | 200 | |

New Demo Class Start from Every MONDAY

## :: Batch Time ::

8 to 10 | 10 to 12 | 4 to 6 | 6 to 8


For Latest Vacancies & Updates Kindly visit @ www.bankingacademy.co.in

Banking Academy (Watermark)

(Creating A Way For Govt. Jobs)

**Banking Academy**

(Preparation for All Types of Competitive Exams)

**Our Branches**

Surat (Head Office) Ph. : 96629 00564

Varachha (Surat) Ph. : 70464 16555

Navsari Ph. : 70466 41555

Vyara Ph. : 90998 64658

Join our Telegram Channel t.me/bankingacademy

Follow us on

# 12 Current Affairs Booster

1. **તાજેતરમાં One District one product નું એકીકરણ કયા કંપની સાથે થયુ છે?**

   (A) ONDC (B) ONGC (C) Aqua bazar (D) OECD

2. **તાજેતરમાં Department for Promotion of Industry and Internal Trade (DPIIT) દ્વારા ઉદ્યોગ સંગઠનો અને વેપારી સંસ્થાઓ માટે કયું ડેશબોર્ડ વિકસાવવામાં આવ્યું છે?**

   (A) લિડર ડેશબોર્ડ (B) રેન્ક ડેશબોર્ડ (C) યુઝર ઈન્ટરેક્ટિવ ડેશબોર્ડ (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

3. **તાજેતરમાં કયા રાજયમાં 'હસ્ત કલા નીતિ 2022' ને મંજૂરી આપવામાં આવી છે.**

   (A) રાજસ્થાન (B) આસામ (C) ઓડિશા (D) ગુજરાત

4. **તાજેતરમાં G-20 શિક્ષણ મંત્રીઓની બેઠક કયા યોજાઈ છે?**

   (A) ઈન્ડોનેશિયા (B) ઓસ્ટ્રેલિયા (C) બ્રાઝીલ (D) ઈન્ડિયા

5. **one district one product વિશે નીચેનામાંથી કયો વિધાન સાચું છે.**

   (1) ODOP ની શરૂઆત વર્ષ 2018 માં બિહાર સરકાર દ્વારા શરૂ કરવામાં આવી હતી.

   (2) ODOP ની સફળતાના કારણે પાછળથી કેન્દ્ર સરકાર દ્વારા અપનાવવામાં આવી હતી.

   (3) ODOP કેન્દ્ર અને રાજય સરકાર વચ્ચે 60:40 યોગદાનમાં વહેંચવામાં આવતી કેન્દ્રિય યોજના છે.

   (A) ફક્ત 1 અને 2 (B) 2 અને 3 (C) 1 અને 3 (D) ફક્ત 4

6. **હાલ ચર્ચામાં રહેનાર "નેહરુ ટ્રોફી બોટ રેસ" કયા રાજયમાં યોજવામાં આવી હતી?**

   (A) તમિલનાડુ (B) કેરળ (C) આંધ્રપ્રદેશ (D) ગોવા

7. **તાજેતરમાં નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) એ કયા રાજયને ઘન અને પ્રવાહી કચરાનું સંચાલન કરવામાં નિષ્ફળ રહેવા બદલ રૂ.3500 કરોડનું દંડ ફટકાર્યુ?**

   (A) મહારાષ્ટ્ર (B) રાજસ્થાન (C) પશ્ચિમ બંગાળ (D) ઝારખંડ

8. **G-20 શિક્ષણ મંત્રીઓની બેઠક અનુસાર વર્ષ 2023 માટે G-20 ની અધ્યક્ષતા ભારતને કયારે આપવામાં આવશે?**

   (A) ઓક્ટોબર 2022 (B) ડિસેમ્બર 2022 (C) જાન્યુઆરી 2023 (D) માર્ચ 2023

9. **રાજસ્થાન હસ્તકલા પોલિસી 2022 અંર્તગત દર વર્ષે કયા મહિનામાં રાષ્ટ્રીય સ્તરના હસ્તકલા સપ્તાહનું આયોજન કરવામાં આવશે?**

   (A) માર્ચ (B) એપ્રિલ (C) નવેમ્બર (D) ડિસેમ્બર

10. **તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા 'Globalise to Localise – Anchorporting at Scale and deepening the Ecosystem are vital to Higher Domestic Value addition' રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે ?**

    (A) નાણાં મત્રાલય (B) વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય

    (C) ઈલેક્ટ્રોનિક્સ અને આઈ.ટી. મંત્રાલય (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

11. **તાજેતરમાં ભારત કયા દેશને પાછળ છોડીને વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે?**

    (A) જર્મની (B) રશિયા (C) U.K. (D) અમેરિકા

12. **તાજેતરમાં છઠ્ઠી 'ઓલ ઈન્ડિયા પ્રિઝન ડ્યુટી મીટ – 2022' નું આયોજન કયાં કરવામાં આવ્યું હતું?**

    (A) સુરત (B) નવી દિલ્હી (C) અમદાવાદ (D) ભોપાલ

**13. તાજેતરમાં યોજાયેલ G-20 ની શિક્ષણ મંત્રીઓની બેઠક વિશે નીચેનામાંથી કયુ વિધાન સાચું છે?**

(1) આ બેઠકમાં National Education Policy 2020 ના અમલીકરણ દ્વારા વધુ મજબૂત, સમાવેશી શિક્ષણ, કૌશલ્ય ઈકોસિસ્ટમ બનાવવા અને દરેક શીખનારની સર્જનાત્મક ક્ષમતાને સાકાર કરવા માટે ભારતની ઝડપી પ્રગતિને પ્રકાશિત કરવામાં આવી છે.

(2) આ બેઠક મુજબ ભારતે વર્ચુઅલ શાળાઓનું સંચાલન કર્યુ છે.

(3) આ બેઠક અનુસાર ભારત ડિજિટલ યુનિવર્સિટી સાથે તમામ ભારતીય ભાષાઓમાં શિક્ષણ માટે 360 થી વધુ વિશેષ ટી.વી. ચેનલોની શરૂઆત કરવાની પ્રોસેસમાં છે.

(A) 1 અને 3 (B) 2 અને 3 (C) 1 અને 2 (D) ફક્ત 3

**14. રાજસથાન હેન્ડીક્રાફ્ટ પોલિસી 2022 મુજબ સરકારી વિભાગો દ્વારા રજિસ્ટર્ડ કારીગરો પાસેથી કેટલા લાખ સુધીની પ્રોડેક્ટ્સ ઈ–માર્કેટ દ્વારા ટેંડર વિના ખરીદવામાં આવશે?**

(A) 5 લાખ (B) 15 લાખ (C) 10 લાખ (D) 1 લાખ

**15. તાજેતરમાં કયા રાજયના હાઈકોર્ટે જણાવ્યા મુજબ Narcotic drugs and Pshychotropic substances Act – 1985 હેઠળ ભાંગને ભારતના કોઈપણ વિસ્તારમાં પ્રતિબંધિત પીણુ અથવા પ્રતિબંધિત ડ્રગ તરીકે ઓળખવામાં આવતું નથી?**

(A) ગુજરાત (B) કર્ણાટક (C) કેરળ (D) બિહાર

**16. તાજેતરમાં કેટલામાં ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું હતું?**

(A) 10 માં (B) 11 માં (C) 12 માં (D) 15 માં

**17. તાજેતરમાં ભારતનું પ્રથમ નાઈટ સ્કાય અભ્યારણ કયા રાજય / કેન્દ્રશાસિત પ્રદેશમાં સ્થાપવામાં આવ્યું?**

(A) ઝારખંડ (B) છત્તીસગઢ (C) લદ્દાખ (D) પુંડુંચેરી

**18. તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા શ્રીલકાને બેલઆઉટ પેકેજ (Bail Out Package) ને 4 વર્ષના સમયગાળા માટે USD 2.9 બિલિયનની મંજૂરી આપવામાં આવી છે.**

(A) WB (B) IMF (C) ADB (D) AIIB

**19. Rajasthan Handicraft Policy – 2022 વિશે નીચેનામાંથી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?**

(1) આ નીતિ દ્વારા રાજસ્થાનમાં હસ્તકલાના કારીગરો માટે નવી તકો વધારવામાં આવશે તથા લુપ્ત થતી હસ્તકલાને પુનઃજીવિત કરવામાં આવશે.

(2) આ નીતિના રાજય સ્તરની મોનિટરિંગ કમીટીના અધ્યક્ષ રાજસ્થાન સરકારના નાણા મંત્રાલયના મંત્રી રહેશે.

(3) આ નીતિ હેઠળ હસ્તકલાના કારીગરોને તેમના ઉત્પાદનો વેચવામાં મદદ કરવા માટે રાજસ્થાન સરકાર એક ઓનલાઈન પ્લેટફોર્મ પણ બનાવશે.

(4) આ નીતિ જારી કરનાર રાજસ્થાન સમગ્ર દેશમાં બીજું રાજય બન્યું છે આ પહેલા આસામ સરકાર દ્વારા જારી કરવામાં આવી હતી.

(A) 1 અને 3 (B) 2, 3 અને 4 (C) 1, 2 અને 3 (D) 2 અને 3

**20. ભારતમાં NDPS એકટ – 1985 હેઠળ ગુનાની સ્થિતિ વિશે નીચેનામાંથી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?**

(1) Nation Crime record Bureau સૌથી વધુ ક્રાઈમ પશ્ચિમ બંગાળમાં છે જેની ટકાવારી 32.8% છે.

(2) NDPS એકટ હેઠળ NCRB ના આકંડાઓ મુજબ હિમાચલ પ્રદેશ ક્રાઈમની સ્થિતિમાં ત્રીજા ક્રમે છે જેની ટકાવારી20.8% છે.

(3) NCRB ના રિપોર્ટ મુજબ ગુજરાતમાં ક્રાઈમની ટકાવારી 0.7% છે ત્યારબાદ બિહારમાં 1.2% છે.

(4) NCRB ના રિપોર્ટ અનુસાર ક્રાઈમની ટકાવારી સૌથી ઓછી દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવમાં 0.5% છે.

(A) ફક્ત 1 એ 4 (B) 3 અને 4 (C) 2, 3 અને 4 (D) 1, 3 અને 4

(A) ફક્ત 1 (B) 1 અને 2 (C) ફક્ત 2 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

**21. બેલ આઉટ પેકેજ (Bail Out Package) વિશે નીચેનામાંથી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?**

(1) આ પેકેજને World Bank ના બોર્ડ ઓફ ડિરેકટરો દ્વારા મંજૂરી આપવામાં આવે છે.

(2) આ પેકેજ લોન, રોકડ, બેન્ક અથવા સ્ટોક ખરીદીના સ્વરૂપમાં હોય છે.

(A) ફક્ત 1 (B) 1 અને 2 (C) ફક્ત 2 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

**22. તાજેતરમાં અમિતશાહે કયા સ્ટેડિયમ ખાતે 11 માં ખેલ મહાકુંભનું સમાપન કરાવ્યું?**

(A) નરેન્દ્ર મોદી (B) ટ્રાન્સસ્ટેડિયા (C) સરદાર પટેલ (D) એકતા

**23. તાજેતરમાં કયા રાજયની વિધાનસભાએ લોકઆયુકત (સુધારા) બિલ પસાર કર્યુ છે?**

(A) કેરળ (B) આંધ્રપ્રદેશ (C) તમિલનાડુ (D) તેલંગણા

**24. તાજેતરમાં ભારત વિશ્વમાં પાંચમી સૌથી અર્થવ્યવસ્થા બની ગઈ છે તેના વિશે નીચેનામાંથી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?**

(1) અર્થવ્યવસ્થા વિશે ભારત વર્તમાનમાં અમેરિકા, ચીન, જાપાન અને જર્મની થી પાછળ છે.

(2) ભારતની અર્થવ્યવસ્થા એક દાયકા પહેલા 15 મા ક્રમે હતી ત્યારે યુનાઈટેડ કિંગડમ (UK) ની નિશ્ચિત પણે અર્થવ્યવસ્થા 10 માં ક્રમે હતી.

(3) ભારતીય અર્થતંત્ર 7% ટકાની વૃદ્ધિ કરી છે. જયારે યુકે ની અર્થવ્યવસ્થા અથવા અર્થતંત્ર 1% થી પણ ઓછો વૃદ્ધિ કરી છે.

(4) અર્થવ્યવસ્થાના આધારે વર્તમાનમાં યુકે 7 માં ક્રમે આવી ગયું છે જયારે ભારત 5 મા ક્રમે આવી ગયું છે.

(A) 1, 2 અને 4 (B) 2, 3 અને 4 (C) 1 અને 4 (D) 1 અને 3

**25. તાજેતરમાં કયા રાજયના મુખ્યમંત્રી કોનરાડ કે. સગમાં દ્વારા 'Rural Backyard Piggery Scheme' શરૂ કરવામાં આવી છે?**

(A) મણિપુર (B) આસામ (C) મેઘાલય (D) સિક્કિમ

**26. તાજેતરમાં શિક્ષણ મંત્રાલય લોકસભામાં આપવામાં આવેલ માહિતી મુજબ કેટલા લાખ થી વધુ મહિલાઓને Pradhanmantri Kaushal Vikas Yojna હેઠળ તાલીમ આપવામાં આવી છે ?**

(A) 1 લાખથી વધુ (B) 3 લાખથી વધુ (C) 5 લાખથી વધુ (D) 10 લાખથી વધુ

**27. તાજેતરમાં પસાર થયેલ કેરળ લોકાયુકત (સુધારા) બિલ – 2022 વિશે નીચેનામાંથી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?**

(1) આ બિલ હાઈકોર્ટના નિવૃત જજોને લોકાયુકત નિયુકત કરવાની મંજૂરી આપે છે.

(2) આ બિલ રાજકીય નેતાઓને કાયદા કાર્યક્ષેત્રમાંથી મુકિત આપે છે.

(3) આ સુધારા બિલ અનુસાર લોકાયુકત માત્ર ભલામણો કરવા અથવા સરકારને રિપોર્ટ મોકલવા માટે એક સંસ્થા બનશે.

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) ફક્ત 2 (D) આપેલ તમામ

**28. તાજેતરમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતશાહે કયા શહેર ખાતે ચાર અનુપમ (સ્માર્ટ) શાળાનું ઈ–લોકાર્પણ કર્યું હતું?**

(A) સુરત (B) રાજકોટ (C) વડોદરા (D) અમદાવાદ

**29. તાજેતરમાં કોના દ્વારા કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રાલય (MSDE) અને ક્ષમતા નિર્માણ આયોગ સાથે ભવિષ્યમાં ભારતના સિવિલ સેવકો (Civil Servants) ને સશકત બનાવવા માટે ભાગીદારી કરવામાં આવી છે?**

(A) માઈક્રોસોફ્ટ (B) વન ડ્રાઈવ (C) ટેલેન્ટ LMS (D) મૂડલ

**30. Rural Backyard Piggeey Scheme હેઠળ પ્રથમ તબક્કામાં કેટલા પરિવારોને ચાર ઉચ્ચ ઉપજ આવતી સુધારેલી જાતોનું ડુક્કર વિતરણ કરવામાં આવશે?**

(A) 9000 (B) 6000 (C) 8000 (D) 5000

**31. તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા 'e-samadhan' ઓનલાઈન પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે.**

(A) UGC (B) RBI (C) CBIC (D) ઉપરોક્ત પૈકી એક નહી.

**32. દર વર્ષે અંબાજીનો મેળો ગુજરાતના કયા જીલ્લામાં યોજાય છે?**

(A) સાબરકાંઠા (B) બનાસકાંઠા (C) પાટણ (D) અરવલ્લી

**33. તાજેતરમાં LIZ Truss કયા દેશના 56 માં વડા પ્રધાન બન્યા?**

(A) USA (B) U.K. (C) China (D) Germany

**34. મેઘાલયની Rural Backyard Piggeey યોજના વિશે નીચેનામાંથી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?**

(1) આ યોજનાનો બીજા તબક્કો શરૂ કરવા માટે વધારાના 35 કરોડ રૂપિયા ફાળવવામાં આવશે.

(2) આ યોજનાનો ઉદ્દેશ ખેડૂતોને વિવિધ પશુપાલન પ્રકૃતિ દ્વારા ટકાઉ આજિવિકા આપવાનો છે.

(3) આ યોજના હેઠળ ખેડુતોને નિયમિત આવક મળી રહે તે માટે ડુક્કર સંવર્ધનને પ્રોત્સાહન આપવા માટે ખેડુતોને 3 માદા અને 1 નર ડુક્કરનું વિતરણ કરવામાં આવશે.

(A) ફક્ત 1 અને 2 (B) 2 એ 3 (C) 1 અને 3 (D) આપેલ તમામ

**35. તાજેતરમાં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય મુજબ Scheme for Economic Empowerment of denotified, Nomadic & Seminomadic (SEED) યોજના હેઠળ લાભ મેળવવા માટે કેટલી ઓનલાઈન અરજીઓ પ્રાપ્ત થઈ છે?**

(A) 498 (B) 402 (C) 415 (D) 428

**36. તાજેતરમાં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા લોન્ચ કરવામાં આવેલ ઓનલાઈન 'e-samadhan' પોર્ટલ વિશે નીચેનામાંથી કયો વિધાન સાચો છે ?**

(1) આ પોર્ટલ દ્વારા વિદ્યાર્થીઓ એડમિશન પહેલા અથવા એડમિશન બાદ કોઈપણ સમસ્યાઓનું ઉકેલ મેળવી શકે છે.

(2) આ પોર્ટલ દ્વારા ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રના તમામ હિતધારકો જેમ કે 1043 યુનિવર્સિટીઓ, 42343 કોલેજો, 3.85 કરોડ વિદ્યાર્થીઓ અને 15.03 લાખ શિક્ષકોને ફાયદો મળશે.

(3) આ પોર્ટલ દ્વારા વિદ્યાર્થી અને કર્મચારીઓ 48 કલાની અંદર ગમે ત્યારે તેમની કોઈ પણ ફરિયાદ નોંધાવી શકે છે.

(A) 1 અને 3 (B) 1 અને 2 (C) 2 અને 3 (D) ફક્ત 3

**37. દર વર્ષે અંબાજીના મેળો ક્યારે ભરાય છે?**

(A) ભાદરવી પુનમ (B) ભાદરવા સુદ ચોથ (C) ભાદરવી અમાસ (D) ભાદરવા વદ ચોથ

**38. તાજેતરમાં LIZ Truss એ યુનાઈટેડ કિંગડમ (બ્રિટેન)ના કેટલામાં મહિલા વડા પ્રધાન બન્યા છે?**

(A) પ્રથમ (B) બીજો (C) ત્રીજો (D) પાંચમો

**39. તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા 'World Social Protection Report 2021-22 બહાર પાડવામાં આવ્યું છે ?**

(A) IMF (B) WTO (C) ILO (D) UN

**40. સરકારના ડેટા મુજબ 1400 સમુદાયોના કેટલા કરોડથી વધુ ભારતીયો Denotified, Nomadic & Semi Nomadic Tribes (DNTs) જૂથના છે ?**

(A) 5 કરોડથી વધુ (B) 10 કરોડથી વધુ (C) 20 કરોડથી વધુ (D) 1 કરોડથી વધુ

**41. તાજેતરમાં કયા રાજય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ સરકાર દ્વારા 'મોડલ વર્ચ્યુઅલ સ્કુલની' શરૂઆત કરવામા આવી છે?**

(A) પજાબ (B) દિલ્હી (C) હરિયાણા (D) ચંદીગઢ

**42. તાજેતરમાં NCRB ના રિપોર્ટ અનુસાર કયા રાજયમાં સૌથી વધુ રાજદ્રોહના કેસ નોધાયા છે ?**

(A) આસામ (B) હરિયાણા (C) ગુજરાત (D) ઉત્તરપ્રદેશ

**43. તાજેતરમાં યુનાઈટેડ કિંગડમમાં ચૂંટાયેલા નવા વડા પ્રધાન LIZ Truss એ આ અગાઉ કર્ન્ઝર્વેટિવ પાર્ટીથી કયા મંત્રી તરીકે કાર્ય કરેલ છે?**

(A) નાણા મંત્રી (B) વિદેશમંત્રી (C) ગૃહમંત્રી (D) કાનૂનમંત્રી

**44. તાજેતરમાં બહાર પાડવામાં આવેલ 'World Social Protection report 2021-22' મુજબ મહિલાઓનું સામાજિક સુરક્ષા કવરેજ પુરુષો કરતા કેટલા ટકા ઓછુ છે?**

(A) 10% (B) 8% (C) 15% (D) 5%

**45. દિલ્હી મોડલ વર્ચ્યુઅલ સ્કૂલ (Delhi Model Virtual School) વિશે નીચેનામાંથી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?**

(1) આ સ્કૂલ એક ઓનલાઈન પ્લેટફોર્મ છે જે સંપૂર્ણ રીતે ઓનલાઈન વર્ગોનું સંચાલન કરશે.

(2) આ સ્કૂલ વિદ્યાર્થીઓને શાળાની મુલાકાત લીધા વગર તેમનો અભ્યાસ પૂર્ણ કરવામાં મદદ કરશે.

(3) આ સ્કૂલમાં વિશિષ્ટ શિક્ષકો રહેશે, જેમને ઓનલાઈન વર્ગો લેવા માટે તાલીમ આપવામાં આવશે.

(4) આ સ્કૂલ મુજબ કોઈ પણ વિદ્યાર્થી કે જેણે 'રજિસ્ટર્ડ શાળામાંથી ઓછામાં ઓછા ધોરણ 8 સુધી અભ્યાસ કર્યો હોય અને 18 થી 28 વર્ષની વય જૂથના હોય તો તેવા વિદ્યાર્થીઓ આ વર્ચ્યુઅલ શાળામાં ધોરણ 9 માં પ્રવેશ મેળવી શકે છે.

(A) ફક્ત 1 અને 3 (B) 2 અને 4 (C) 1, 2 અને 3 (D) ફક્ત 3 અને 4

**46. તાજેતરમાં NCRB રિપોર્ટ અનુસાર ભારતમાં વર્ષ 2014 થી 2021 સુધી કુલ કેટલા રાજદ્રોહ (Sedition) ના કેસો નોધાયા છે?**

(A) 500 (B) 475 (C) 430 (D) 450

**47. તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા રાષ્ટ્રીય સ્તરે 'ટેક ગુરુ એવોર્ડ' આપવાની જાહેરાત કરી?**

(A) ગુજરાત યુનિવર્સિટી (B) વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી

(C) ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (D) ગુજરાત વિદ્યાદીપ યુનિવર્સિટી

**48. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર 2021-22 અંતર્ગત રાજયકક્ષાએ કયા જિલ્લાને 'બેસ્ટ પરફોર્મિંગ ડિસ્ટ્રીકટ' નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો?**

(A) સુરત (B) અમદાવાદ (C) વડોદરા (D) દાહોદ

**49. તાજેતરમાં બહાર પાડવામાં આવેલ 'World Social Protection report, 2021-22' મુજબ વિશ્વના કેટલા ટકા લોકો માત્ર આંશિક રીતે સુરક્ષિત છે?**

(A) 59.8 (B) 69.4 (C) 84.3 (D) 35.4

**50. તાજેતરમાં ભારતીય સૈનિકોએ "વોસ્ટોક કવાયત–2022" (Vostok Military Exercise)માં ભાગ લીધો હતો. આ કવાયત કયા દેશમાં યોજાઈ હતી ?**

(A) અમેરિકા (B) જાપાન (C) રશિયા (D) મંગોલિયા

**51. NCRB ના રિપોર્ટ અનુસાર છેલ્લા 8 વર્ષમાં નોંધાયેલ રાજદ્રોહના કેસોમાં આસામમાં કેટલા ટકા કેસો નોંધાયા છે?**

(A) 19% (B) 18.50% (C) 14.52% (D) 12.35%

**52. તાજેતરમાં ભારત સરકારના કયા મંત્રાલય દ્વારા યુએસના સાન ફ્રાન્સિસ્કોના ખાડી વિસ્તારોમાં યુએસ સ્ટાર્ટ અપ SETU (Supporting Enterpreneurs in Transformation and Upskiling) પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે ?**

(A) નાણા મંત્રાલય (B) વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય (C) વિદેશ મંત્રાલય (D) ગૃહ મંત્રાલય

**53. 'World Social Protection report 2021-22 મુજબ ભારતના સામાજિક સુરક્ષા કવરેજ માથાદીઠ GDP ના કેટલા ટકા કરતા ઓછું છે?**

(A) 16% (B) 15% (C) 5% (D) 10%

**54. તાજેતરમાં સાયરસ મિસ્ત્રીનું નિધન થયું, તેઓ કયા સંસ્થાના પૂર્વ ચેરમેન હતા ?**

(A) માઈક્રોસોફ્ટ (B) ટાટા ગ્રુપ (C) હિન્દુસ્તાન યુનિલિવર (D) હિન્દુસ્તાન મોટર

**55. NCRB ના રિપોર્ટ અનુસાર છેલ્લા 8 વર્ષમાં (વર્ષ 2014 થી 2021 સુધીમાં) નોંધાયેલ રાજદ્રોહના કેસો આસામ બાદ કયા રાજય બીજા ક્રમે છે?**

(A) હરિયાણા (B) ગુજરાત (C) આંધ્રપ્રદેશ (D) બિહાર

**56. તાજેતરમાં 'World Social Protection report -2021-22' બહાર પાડવામાં આવ્યું છે તેના વિશે નીચેનામાંથી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?**

(1) આ રિપોર્ટ મુજબ 24.4% ભારતીયો સામાજિક સુરક્ષાના લાભો હેઠળ છે.

(2) આ રિપોર્ટ અનુસાર મ્યાનમાર અને કમ્બોડિયામાં 100% સામાજિક સુરક્ષા છે.

(3) આ રિપોર્ટ અનુસાર એશિયા પેસિફિક ક્ષેત્રમાં દરેક 4 વ્યકિતમાંથી 2 કામદારો કાર્યસ્થળે કાર્ય દરમિયાન બીમારી અથવા ઈજાના કિસ્સામાં સુરક્ષિત નથી.

(4) આ રિપોર્ટ મુજબ અફઘાનિસ્તાન, ભારત, નેપાળ અને પાકિસ્તાન તેમના દેશના 5% કરતા ઓછા કામદારોને બીમારી અથવા ઈજા અંર્તગત આવરી લે છે.

(A) 1, 3 અને 4 (B) 2 અને 3 (C) 1 અને 3 (D) 1 અને 4

**57. ઈન્દિરા ગાંધી શહેરી રોજગાર યોજના હેઠળ કેટલા લાખથી વધુ પરિવારોની નોંધણી કરવામાં આવી છે?**

(A) 1.1 લાખ (B) 2.2 લાખ (C) 3.3 લાખ (D) 4.4 લાખ

**58. LIZ Truss વિશે નીચેનામાંથી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?**

(1) LIZ Truss નું પુરુંનામ Mary Elizabeth Truss છે

(2) તેમનો જન્મ 26 જુલાઈ 1980 ના રોજ ઈંગ્લેન્ડમાં થયો હતો.

(3) LIZ Truss વર્ષ 2010 માં પ્રથમ વખત યુનાઈટેડ કિંગડમના સાસદમાં સભ્ય તરીકે ચૂટાયા હતા.

(4) વર્ષ 2016 માં LIZ Truss યુનાઈટેડ કિગડમના પર્યાવારણમંત્રી બન્યા હતા.

(A) 1, 2 અને 4 (B) 2, 3 અને 4 (C) 2 અને 3 (D) 1 અને 3

**59. તાજેતરમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે કેટલા કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે?**

(A) 10 (B) 15 (C) 7 (D) 9

**60. તાજેતરમાં ભારત સરકારના કયા મંત્રાલય અને National Council of Education Research and Training (NCERT) દ્વારા સંયુકત રીતે રાષ્ટ્રવ્યાપી Foundation Learning Survey (FLS) હાથ ધરવામાં આવ્યો છે ?**

(A) શિક્ષણ મંત્રાલય (B) નાણાં મંત્રાલય (C) વિદેશ મંત્રાલય (D) આપેલ પૈકી કોઈ નહીં

**61. ઈન્દિરા ગાંધી શહેરી રોજગારી ગેરન્ટી યોજના હેઠળ કયો કાર્ડ આપવામાં આવશે ?**

(A) હેલ્થ કાર્ડ (B) આઈડી કાર્ડ (C) જોબકાર્ડ (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

**62. તાજેતરમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મિટિંગ દરમિયાન 7 કરાર કરવામાં આવ્યા છે. તેના વિશે નીચેનામાંથી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?**

(1) આ મિટિંગ દરમિયાન ભારત સરકાર દ્વારા બાંગ્લાદેશમાં કનેકિટવિટી પહેલો માટે 9.5 બિલિયન ડોલરની લોન આપવામાં આવી છે.

(2) આ મિટિંગ બંને દેશના વડાપ્રધાનોએ બાંગ્લાદેશના ખુલના ડિવિઝનમાં 'મૈત્રી સુપર થર્મલ પાવર પ્રોજેકટ' ના પ્રથમ યુનિટનું અનાવરણ કર્યુ.

(3) મૈત્રી સુપર થર્મલ પાવર પ્રોજેકટ જયારે પૂર્ણ થશે ત્યારે 2350 મેગા વૉટ પાવર જનરેટ કરશે.

(4) આ મિટિંગમાં ભારતના વડાપ્રધાને જાહેરાત કરી હતી કે બંને દેશો ટૂંક સમયમાં વેપારને વેગ આપવા માટે Comprehensive Economic Partnership Agreement (CEPA) પર ચર્ચા શરૂ કરશે.

(A) 1, 2 અને 4 (B) 2 અને 4 (C) 3 અને 4 (D) 1 અને 3

**63. તાજેતરમાં હાથ ધરવામાં આવેલ FLS (Foundation Learning Survey) વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?**

(1) આ સર્વે સમગ્ર દેશની 10000 શાળાઓમાં ધોરણ–3ના 86000 બાળકો માટે કરવામાં આવ્યો છે, જેમાં દિલ્હીના 515 શાળાઓમાંથી 2945 વિદ્યાર્થીઓ છે.

(2) આ સર્વે અનુસાર દિલ્હીના 50% થી વધુ ધોરણ–3ના બાળકો મર્યાદિત અથવા સૌથી બેસિક જ્ઞાન અને કુશળતાનો અભાવ ધરાવે છે.

(3) આ સર્વે મુજબ દિલ્હીમાં 51% બાળકો પૂરતુ જ્ઞાન અને કૌશલ્ય ધરાવે છે.

(4) આ સર્વેનો ઉદેશ 22 ભારતીય ભાષાઓમાં સમજ સાથે વાંચન માટે લેવલ સેટ કરવાનો છે.

(A) 1, 2 અને 3 (B) 2, 3 અને 4 (C) 1, 2 અને 4 (D) આપેલ તમામ

**64. તાજેતરમાં હાથ ધરવામાં આવેલ 'Foundation Learning Survey' બાળકોને તેમના પરફોર્મેન્સના આધારે કેટલા કેટેગરીમાં મૂકવામાં આવ્યો છે ?**

(A) 2 (B) 5 (C) <u>4</u> (D) 3

**65. તાજેતરમાં રાજસ્થાન સરકાર દ્વારા 'ઈન્દિરા ગાંધી શહેરી રોજગાર ગેંરન્ટી યોજના' શરૂ કરવામાં આવશે તેના વિશે નીચેનામાંથી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?**

(1) આ યોજના અમલીકરણ માટે રાજય સરકારના સ્થાનિક સંસ્થાઓના વિભાગ જવાબદાર રહેશે.

(2) આ યોજના હેઠળ આવરી લેવામાં આવતી સામ્રગીની કિમત અને સામાન્ય કાર્ય માટે મજૂરીની ચૂકવણી ક્રમશઃ 75:25 ના ગુણોત્તરમાં કરવામાં આવશે.

(3) આ યોજના હેઠળ તમામ પરિવારોના સભ્યો જેમની ઉમર 15 થી 50 વર્ષની છે તે લોકો આ યોજના હેઠળ કામ મેળવવા માટે પાત્ર બનશે.

(4) આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા લોકો વૃક્ષારોપણ, તળાવની સફાઈ, કચરો એકત્ર કરવા અને રખડતા પ્રાણીઓને પકડવા માટે કાર્ય કરશે.

(A) <u>ફકત 1 અને 4</u> (B) 2 અને 3 (C) 1, 2 અને 4 (D) આપેલ તમામ

**66. FLS સર્વે મુજબ દિલ્હીમાં કેટલા ટકા બાળકો મર્યાદિત જ્ઞાન અને કૌશલ્ય ધરાવે છે ?**

(A) 50% (B) <u>40%</u> (C) 30% (D) 20%

**67. તાજેતરમાં કયા રાજયની સરકાર દ્વારા ઈન્દિરા ગાંધી શહેરી રોજગાર ગેરન્ટી યોજના 9 સપ્ટેમ્બર 2022 ના રોજ શરૂ કરવામાં આવશે ?**

(A) ગુજરાત (B) બિહાર (C) ઉત્તરપ્રદેશ (D) <u>રાજસ્થાન</u>

**68. તાજેતરમાં હાથ ધરવામાં આવેલ FLS સર્વે મુજબ દિલ્હીમાં કેટલા ટકા બાળકો શ્રેષ્ઠજ્ઞાન અને કૌશલ્ય ધરાવે છે ?**

(A) 5% (B) 8% (C) <u>7%</u> (D) 3%

**69. તાજેતરમાં પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદિપ સિંહ પુરી દ્વારા LPG (Liquefied Petroleum Gas)ના વધતા ભાવને નિયંત્રિત કરવા અને ઘટાડવા માટે કઈ કમિટિ હેઠળ એક સમિતિની રચના કરવામાં આવી છે ?**

(A) વિજય કેલકર સમિતિ (B) ડાૅ. રંગરાજન સમિતિ (C) <u>કિરિટ પારીખ સમિતિ</u> (D) હનુમંતરાવ સમિતિ

**70. ઈન્દિરાગાંધી શહેરી રોજગાર યોજના રાજસ્થાનના શહેરી વિસ્તારમાં રહેતા પરિવારોને કેટલા દિવસની રોજગારી પૂરી પાડશે?**

(A) <u>100</u> (B) 200 (C) 50 (D) 75

**71. તાજેતરમાં ભારત LPG ગેસનો વપરાશ જાન્યુઆરી 2022માં 3.75% થી વધીને કેટલા મિલિયન ટન થયો છે ?**

(A) 2.08 મિલિયન ટન (B) <u>2.569 મિલિયન ટન</u> (C) 2.108 મિલિયન ટન (D) 8.503 મિલિયન ટન

**72. સમગ્ર વિશ્વમાં કયાં દિવસે "આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ" ઉજવવામા આવે છે?**

(A) 05 સપ્ટેમ્બર (B) <u>08 સપ્ટેમ્બર</u> (C) 12 ઓગસ્ટ (D) 24 ઓગસ્ટ

**73. ભૂપેન હજારિકા સંદર્ભે નીચેના વિધાનો ધ્યાનમાં રાખી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?**

(1) ભૂપેન હજારિકા પ્રખ્યાત આસામી નાટય લેખક હતા.

(2) તેમનો જન્મ 8 સપ્ટેમ્બર 1926 ના રોજ આસામના સાદિયામાં થયો હતો.

(3) તેમને મરણોત્તર ભારત રત્ન એનાયત કરવામાં આવ્યો છે.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3

**74. તાજેતરમાં 'ઓલ ઈન્ડિયા ફુટબોલ ફેડરેશન' (AIFF) ના પ્રમુખ તરીકે કોની નિમણૂક કરવામા આવી?**

(A) <u>કલ્યાણ ચૌબે</u> (B) પ્રફુલ પટેલ (C) રઘુરામ ચેત્રી (D) સુશીલા દેવી

# 13 Facts.... Inshort

1. તાજેતરમાં કઈ સંસ્થા બેંક છેતરપિંડી કરનાર વેબસાઈટ્સ, ફોન અને છેતરપિંડી કરનારાઓ દ્વારા ઉપયોગમાં લેવાની વિવિધ પદ્ધિઓનો ડેટાબેઝ બનાવવા માટે છેતરપિંડી રજિસ્ટ્રી સેટ કરવાનું વિચાર કરી રહી છે? – **RBI**

2. તાજેતરમાં ભારતમાં કયા કેન્દ્રોમાં HIV દવાઓ અને અમુક એન્ટિરેટ્રોવાયરલ (ARV) દવાઓની અછત જોવા મળી રહી છે? – એન્ટિરેટ્રોવાયર થેરોપી (ARI) દવાઓની અછત જાવા મળી રહી છે? – **એન્ટિરેટ્રોવાયર થેરાપી (ARI) કેન્દ્રોમાં**

3. દેશનો સૌથી મોટો 360 MLD નો R.O. પ્લાન્ટ કયાં બનાવવામાં આવશે? – **સુરત**

4. તાજેતરમાં સંયુકત રાષ્ટ્રના એક અહેવાલ મુજબ કયો દેશ ઉઈગુર (મુસ્લિમ લઘુમતી તુર્કી વંશીય જૂથ) વિરુદ્ધ ગંભીર માનવાધિકાર ઉલ્લંઘન કરી રહયું છે જે માનવતાના વિરુદ્ધના ગુનાઓ સમાન હોઈ શકે છે? – **ચીન**

5. તાજેતરમાં ભારતે ફોકલેન્ડ ટેરિટોરિયલ સમસ્યા પર આંતરરાષ્ટ્રીય વાટાઘાટો ફરી શરૂ કરવા માટે કયા દેશના અભિયાનને સર્મથન આપ્યું છે? – **આર્જેન્ટિના**

6. તાજેતરમાં ભારતના કયા ફોર્સ માટે સ્વદેશી ડ્રોન ટીયર સ્મોક લોન્ચર વિકસાવ્યું છે? – **બોર્ડર સિકયુરિટી ફોર્સ (BSF)**

7. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (HEI) અને કૌશલ્ય સંસ્થાઓ વચ્ચે જોડાણ માટે સંસ્થાકીય મિકેનિઝમ (તંત્ર) વિકસાવવા સંમત થયા છે? – **દક્ષિણ આફ્રિકા**

8. તાજેતરમાં કયા કમિશન દ્વારા LGBTQIAT સમુદાયની રૂપાંતર ઉપચાર (Conversion Theraphy) પર પ્રતિંબધ મૂકવામાં આવ્યો છે? – **નેશનલ મેડિકલ કમિશન (NMC)**

9. તાજેતરમાં સર્વોચ્ચ અદાલત (Supreme Court) દ્વારા કયા રાજયના બલ્લારી, ચિત્રદુર્ગ અને તુમાકુર જિલ્લાઓ માટે આયર્ન ઓર ખાણની (IRon are Mining) 'સીલિંગ મર્યાદા' વધારવામાં આવ્યુ છે. – **કર્ણાટક**

10. તાજેતરમાં મોન્સ્ટર ચોમાસાના કારણે કયા દેશમાં વિનાશક પૂરની સ્થિતિ સર્જાઈ છે? – **પાકિસ્તાન**

11. ભારત સરકાર દ્વારા ગુજરાતમાં સૌપ્રથમવાર કયા સ્થાને 'કોકોનટ ડેવલપમેન્ટ બોર્ડ' ની કચેરી કયાં સ્થાપવામાં આવશે? – **જુનાગઢ**

12. તાજેતરમાં કયા મંત્રાલયની સંસદીય સ્થાયી સમિતિ દ્વારા દેશના તમામ મેટ્રો રેલ નેટવર્ક માટે એકટ અને વ્યાપક કાયદાની જરૂરિયાતને સૂચિત કરી હાલના ત્રણ કેન્દ્રીય કાયદાઓનો વિરોધ કરવામાં આવ્યો છે? – **હાઉસિંગ અને શહેરી બાબતો મંત્રાલય**

13. તાજેતરમાં ગણેશ ચર્તુર્થી ના એક દિવસ બાદ નુઆખાઈ (Nuakhai) કૃષિ ઉત્સવની શરૂઆત થઈ છે તે કયા રાજયોનો વાર્ષિક લણણીનો તહેવાર છે? – **ઓડિશા**

14. તાજેતરમાં કેટલાક રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશે કયા પ્લેટફોર્મ પર એક પણ ચેતવણી અપલોડ કરી નથી? – **ક્રાઈમ મલ્ટી એજન્સી સેન્ટર (Cri-Mac)**

15. તાજેતરમાં Over the Top (OTT) પ્લેટફોર્મ વર્ષ 2023 સુધીમાં કેટલા કરોડનો ઉદ્યોગ બનવાની તૈયારીમાં છે જે વર્ષ 2018 માં 2590 કરોડ હતું? – **12000 કરોડનો**

16. ડિજિટલ ઈન્ડિયા અભિયાન અંતર્ગત ગુજરાત રાજયના કેટલા ગામોમાં ફ્રી Wi-fi ની સુવિધા પહોંચતી કરવામાં આવશે? – **4,000 ગામોમાં**

17. તાજેતરમાં કોના દ્વારા 76 માં સ્વતંત્રતા દિવસના સંબોધનમાં ભ્રષ્ટાચાર અને ભત્રીજાવાદ એમ બે પડકારોને કાબૂમાં લેવા માટે તાત્કાલિક જરૂરિયાત ઉભી કરવામાં આવી? – **ભારતના વડા પ્રધાન**

18. તાજેતરમાં Nation Crime record Bureau રિપોર્ટ મુજબ વર્ષ 2020 ની સરખામણીમાં વર્ષ 2021 માં નિવારક અટકાયત (Preventive detention) માં કેટલા ટકા વધારો થયો છે, જેમાં 1.1 લાખની વધુ લોકોને નિવાહક અટકાયત હેઠળ રાખવામાં આવ્યા છે? – **23%**

19. તાજેતરમાં ગુજરાતના કયા સ્થળે આર્ટિફિશિયલ સુરખાબ નગર તૈયાર કરવામાં આવ્યું? – **માટુંરણ – કચ્છ**

20. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરે વિદ્યાર્થીઓનું મૂલ્યાકન કરવા માટે કયા ફ્રેમવર્કની સ્થાપના કરવાનું આયોજન કરવામાં આવી રહયું છે? – **PAREKH (Performance, Assessment, review and Analysis of knowledge for Holistic Development )**

21. તાજેતરમાં વિધાનસભાના અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્યએ નાબાર્ડ દ્વારા આયોજિત રાજય સ્તરીય હાથશાળ અને હસ્તકલા મેળાનું ઉદ્‌ઘાટન કયાં કર્યુ? – **ભૂજ**

22. નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યૂરો (NCRB) ના વર્ષ 2021 ના રિપોર્ટ મુજબ કયુ રાજય શાંતિ અને સલામતી બાબતમાં કયું રાજય શ્રેષ્ઠ રાજય તરીકે ઉપસી આવ્યું? – **ગુજરાત**

23. તાજેતરમાં ગુજરાતની કઈ યુનિવર્સિટીમાં પ્રાકૃતિક કૃષિમાં PHD ના અભ્યાસક્રમની શરૂઆત કરવામાં આવી? – **ગુજરાત યુનિવર્સિટી**

24. તાજેતરમાં કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિહે જણાવ્યા મુજબ ભારતમાં હેલ્થકેર સેકટર વર્ષ 2025 સુધીમાં કેટલા બિલિયન ડોલર પહોંચવાની ધારણા છે? – **USD 50 બિલિયન**

25. તાજેતરમાં સુપ્રીમ કોટ દ્વારા કયા એકટ ની જોગવાઈઓને પડકારની રિટ પિટિશનને રદ કરવામાં આવ્યું છે જેમા યુગલોને તેમના લગ્નના 30 દિવસ પહેલા લગ્ન કરવાનો ઈરાદો જાહેર કરતી નોટિસ આપવાની જરૂર હતી? – **સ્પેશિયલ મેરેજ એકટ (SMA) - 1954**

26. તાજેતરમાં ભારત સરકારે જણાવ્યા મુજબ સ્ટાર્ટ અપ ઈકોસિસ્ટમ અને યુનિકોર્નના સંદર્ભમાં ભારત વૈશ્વિક સ્તરે કયા ક્રમે છે? – **ત્રીજા (3rd)**

27. ભારતનો પ્રથમ લિથિયમ – આયન બેટરી પ્લાન્ટ કયા રાજયમાં સ્થાપવામાં આવશે. – **ગુજરાત**

28. તાજેતરમાં વૈશ્વિક બેરલદીઠ તેલના ભાવમાં ઘટાડો થઈને કેટલો થયો છે. જે પહેલા 110 ડોલર બેરલ દીઠ ભાવ હતો? – **USD 90**

29. તાજેતરમાં પાકિસ્તાનના પુરાતત્વ વિભાગ (Archelogical Department of Pakistan) એ ચેતવણી આપી કે સિંધ પ્રાતમાં ભારેમાં ભારે વરસાદના કારણે કયો વર્લ્ડ હેરિટેજ સાઈટના ખતરો છે? – **મોહનજોદડો**

30. તાજેતરમાં પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિદેં જણાવ્યા મુજબ પોલિસ અધિકારીની નોકરી જવાબદારી અને ઉત્તરદાયિત્વ થી ભરેલી હોય છે તો તે કઈ વ્યવસ્થા કહેવામાં આવશે? – **આર્દશ પોલીસ વ્યવસ્થા**

31. ગુજરાત રાજય સરકાર કઈ જગ્યાએ ડૉ. બાબાસાહેબ આંબેડકર મ્યુઝિયમ – 'સંકલ્પ ભૂમિ સ્મારક' બનાવી રહી છે? – **વડોદરા**

32. તાજેતરમાં ભારત અને ચીનના સૈનિકો કયાં છૂટા પડયા છે? – **લદ્દાખમાં**

33. તાજેતરમાં EXIM (Export and Import) બેક ઓફ ઈન્ડિયાના એક પેપર મુજબ સર્જનાત્મક અર્થવ્યવસ્થા જેમાં કલા, હસ્તકલા, ઓડિયો અને વિડિયો આર્ટ્સ તથા ડિઝાઈનનો સમાવેશ થાય છે તેના હિસ્સે વર્ષ 2019 માં કેટલો છે? – **USDI 21 બિલિયન**

34. તાજેતરમાં કયો રાજય તેના JEEVIKA તરીકે ઓળખાતા પ્રોગ્રામ 'ગ્રામીણ આજીવિકા પ્રમોશન પ્રોગામ' દ્વારા જપ્ત કરાયેલ દારૂની બોટલોમાંથી કાચની બંગડીઓ બનાવવાની તૈયારી કરી રહયુ છે? – **બિહાર**

35. તાજેતરમાં કયા લો (LAW) દ્વારા મંજૂર થયેલ એક થી વધારે લગ્ન અથવા પત્ની અને નિકાહ દલાલાની પ્રથાની બંધારણીય માન્યાને પડકારની અનેક અરજીઓ સુપ્રીમ કોર્ટમાં સૂચીબદ્ધ કરવામાં આવી છે. – **મુસ્લિમ પર્સનલ લો (Law)**

36. તાજેતરમાં ભારતમાં કોના દ્વારા પ્રધાનમંત્રી TB મુકત અભિયાનની વર્ચ્યુઅલ રીતે શરૂઆત કરવામાં આવી છે? – **રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ**

37. તાજેતરમાં કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી પીયુષ ગોયલે લોસ એન્જલસમાં (LOS Angeles) માં કયા ફોરમની પ્રથમ વ્યકિતગત મંત્રી સ્તરની બેઠકમાં હાજરી આપી છે? – **ઈન્ડિયા–પેસિફિક ઈકોનોમિક ફોરમ (IPEF)**

38. તાજેતરમાં એક IPS અધિકારી દ્વારા જણાવ્યા મુજબ યુનિર્ફોમ (uniformed) સેવાઓમાં કઈ સમસ્યાઓના નિવારણ માટે સરકારે તાત્કાલિક પગલાં લેવાની જરૂર છે? – **માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓના**

39. તાજેતરમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) ના રિપોર્ટ મુજબ ભારત વર્ષ 2029 સુધીમાં વિશ્વની કેટલામી મોટી અર્થવ્યવસ્થા બનવાની સંભાવના છે? – **ત્રીજી (3rd)**

40. તાજેતરમાં ઓગસ્ટ 2022 ના મહિનામાં એકત્ર થયેલ GST (વસ્તુ અને સેવા કર) ની આવક 1,43,612 કરોડ છે જે પાછલા વર્ષના ઓગસ્ટ મહિનામાં 1,12,020 કરોડની GST ની આવક કરતા કેટલા ટકા વધુ છે? – **28%**

41. તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિતશાહ દ્વારા 30 મી દક્ષિણ ઝોનલ કાઉન્સિલની બેઠકનું ઉદ્‌ઘાટન કયાં કરવામાં આવ્યું? – **તિરુવનંતપુરમ (કેરળ) માં**

42. તાજેતરમાં કયો એરપોર્ટ વધુ સારી પેસેન્જર સેવાઓ માટે અપગ્રેડેશન પ્રોસેસ હેઠળ છે? – **તુતીકોદિન (તમિલનાડુ)**

43. તાજેતરમાં કયા કેન્દ્રિય મંત્રીએ અમદાવાદમાં ચાર અનુપમ (સ્માર્ટ) શાળાનું ઈ–લોકાપર્ણ કર્યું ? – **અમિત શાહ**

44. બેંગ્લુરુની નેક (NECK) સંસ્થાએ ગુજરાતના કયા જિલ્લામાં આવેલી DKV કોલેજને ઉચ્ચ શિક્ષણ અને સુવિધા માટે A ગ્રેડ આપ્યો ? – **જામનગર**

45. તાજેતરમાં કયા દેશ દ્વારા તેના જૂના ચાર્ટરને નવ પ્રગતિશીલ બંધારણ સાથે બદલાવાની દરખાસ્તને નકારી કાઢવામા આવ્યું છે? – **ચીલી**

46. તાજેતરમાં ભારત સરકારના કયા મંત્રી દ્વારા ગેરકાયદેસર લોન એપ્સ પર બેઠક યોજાઈ? – **નાણામંત્રી નિર્મલા સીતારમણ**

47. તાજેતરમાં કેન્દ્રીય ગૃહ અને સહકારમંત્રી અમિતશાહ દ્વારા કયાં ફિટ ઈન્ડિયા ફ્રિડમ રાઈડર બાઈકર રૈલી' માટે મંજૂરી આપવામાં આવી? – **નવી દિલ્હી**

48. તાજેતરમાં કયા રાજ્યની સરકાર 'Delhi Model School' યોજના લાગુ કરવાનો પ્લાન કરી રહી છે? – તમિલનાડુ

## Govt.Jobs જેવી કે

BANK | SBI | IBPS | LIC | SSC | RRB | RBI

તેમજ

GPSC | PSI | નાયબ મામલતદાર | રાજ્યવેરા નિરીક્ષક | તલાટી

બિન સચિવાલય | કોન્સ્ટેબલ | TET/TAT | ચીફ ઓફીસર

ની માહિતી / ભરતીઓ / તૈયારી ના માર્ગદર્શન /Materials / ઓનલાઈન ફોર્મ ની સંપૂર્ણ માહિતી તેમજ Regular Update માટે આજે જ અમારા Social Media Platforms જેવા કે ટેલીગ્રામ / ઈન્સ્ટાગ્રામ / ફેસબુક Youtube સાથે નીચેના Icon પર Click કરીને જોડાઓ.

BANKING ACADEMY

BANKING ACADEMY

# GPSC Class - I/II માટે સંપૂર્ણ મટીરીયલ સેટ




**COMBO BOOKS SET**

**8140858555**

આ સંપૂર્ણ મટીરીયલ સેટ મેળવવા માટે સંપર્ક કરો

# GPSC Class - III માટે સંપૂર્ણ મટીરીયલ સેટ




## Head Office-Surat (Udhna Branch)

Shree Arc, Opp. Shanidev Temple, Sosyo Corcle, Udhna-Magdalla Road, SURAT.

| Contact | Visit us | Email |
| --- | --- | --- |
| 70466 33255 | www.bankingacademy.co.in | info@bankingacademy.co.in |

## Branches

**VARACHHA** (Surat)
4th Floor, "Silver Business Hub"
Simada-Naka to Yogichowk,
150ft BRTS Road, Varachha, Surat.
**Ph. 70464 16555**

**NAVSARI**
J.P. Plaza, Nr. Sushrusha Hospital,
Vijalpore, Navsari.
**Ph. 70466 41555**

**VYARA**
1st Floor, Skyline,
Railway Station Road,
Opp. New Bus Stand, Vyara.
**Ph. 90998 64658**